વર્ષ 01, અંક 18
16થી 31 માર્ચ, 2021
નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



# સ્થાનિક રમકડાં વૈશ્વિક મેદાન

**ભારતીય રમકડાં ઉદ્યોગ વૈશ્વિક બજારમાં નગણ્ય હિસ્સો ધરાવે છે, તેથી વૃદ્ધિની ભરપૂર સંભાવનાઓ છે. દેશનાં દરેક ખૂણે વિવિધ પ્રકારનાં રમકડાંનું ઉત્પાદન થતું હોવાથી ભારત આ ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી બની શકે છે**



# આત્મનિર્ભર ભારત માટે વિજ્ઞાન, નવીનીકરણ મહત્વનાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં આત્મનિર્ભર ભારત પર ફોકસ કર્યું હતું. તેમણે લોકોને નવીનીકરણ અને જળ સંચય અપનાવવા અપીલ કરી હતી. આ ભાષણના અંશો નીચે પ્રમાણે છેઃ

**જળ એ જ અમૃત :** મહા મહિનો નદીઓ, સરોવર, તળાવો અને અન્ય જળસ્રોત સાથે સંકળાયેલો છે. ભારતમાં, ભાગ્યે જ કોઈ એવો દિવસ હશે, જ્યારે કોઇને કોઇ રાજ્યમાં જળ અંગેનાં તહેવારો ન આવતા હોય. આપણા માટે, જળ એ જીવન, શ્રધ્ધા અને વિકાસનો પ્રવાહ છે. માર્ચ મહિનામાં હરિદ્વારમાં કુંભ યોજાઈ રહ્યો છે. શું આપણે આપણી આસપાસના જળસ્રોતની સફાઈ કરીને વરસાદી પાણીના સંચય માટે 100 દિવસની ઝૂંબેશ શરૂ કરી શકીએ? આ વિચાર સાથે આગામી દિવસોમાં જલ શક્તિ મંત્રાલય દ્વારા 'કેચ ધ રેઇન' નામનું જલ શક્તિ અભિયાન શરૂ કરવામાં આવશે.

**સંત રવિદાસ જયંતિઃ** સંત રવિદાસજીની જન્મજયંતી માઘ પૂર્ણિમાના દિવસે આવે છે. આજે પણ તેમના શબ્દો અને જ્ઞાન આપણને માર્ગદર્શન આપે છે.

**સી વી રામનનું સ્મરણઃ** મહાન વિજ્ઞાની ડો. સી વી રામને 'રામન ઈફેક્ટ'ની કરેલી શોધ બદલ 28 ફેબ્રુઆરીએ નેશનલ સાયન્સ ડે મનાવવામાં આવે છે. આપણે વિશ્વના અન્ય વિજ્ઞાનીઓથી માહિતગાર છીએ એ જ રીતે ભારતના વિજ્ઞાનીઓ અંગે પણ જાણવું જોઇએ.

**નવીનીકરણઃ** આત્મનિર્ભર ભારતમાં વિજ્ઞાનનું મોટું પ્રદાન રહ્યું છે. આપણે 'લેબ ટુ લેન્ડ'ના મંત્ર સાથે આગળ વધ્યા છીએ. હૈદરાબાદના ચિંતાલા વેંકટ રેડ્ડીજીએ ખૂબ મહેનત કરીને વિટામીન ડી ધરાવતા ઘઉં અને ચોખાની જાત વિકસાવી છે. આ મહિને તેમણે વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન, જીનિવા પાસેથી પેટન્ટ મેળવી છે. આ જ રીતે, ગુજરાતના પાટણ જિલ્લાના કામરાજભાઇ ચૌધરીએ સરગવાના ઉપજાઉ બિયારણ વિકસાવ્યા છે.

**આત્મનિર્ભર ભારતઃ** આત્મનિર્ભર ભારત એ રાષ્ટ્રીય ભાવના છે. આપણે જ્યારે મેડ ઇન ઇન્ડિયા ફાઇટર પ્લેન તેજસ, મેડ ઇન ઇન્ડિયા ટેન્ક, મેડ ઇન ઇન્ડિયા મિસાઇલ, ધનિક અને વિકસિત દેશોની મેટ્રો ટ્રેનોમાં મેડ ઇન ઇન્ડિયા કોચ અને ડઝનથી વધુ દેશોમાં મેડ ઇન ઇન્ડિયા કોરોના વાઇરસ રસી પહોંચતી જોઇએ છીએ ત્યારે આપણું માથું ગર્વથી ઊંચું થઈ જાય છે. આપણે કાપડ, હસ્તનિર્મિત ચીજો, વીજાણુ ઉપકરણો, મોબાઇલ સહિતની ચીજો માટે પણ આ ગૌરવ મેળવવાનું છે. આત્મનિર્ભર ભારતનો મંત્ર દેશના ગામડાંઓમાં પણ પહોંચી રહ્યો છે.

**એક્ઝામ વોરિયરઃ** કોરોના વાયરસના સમયમાં મેં થોડો સમય કાઢીને એક્ઝામ વોરિયર બુકમાં કેટલાક નવા મંત્ર ઉમેર્યા છે. આ મંત્ર સંબંધિત અનેક રસપ્રદ પ્રવૃત્તિઓ નરેન્દ્ર મોદી એપમાં આપવામાં આવી છે, જેનાથી તમારી અંદરનો એક્ઝામ વોરિયર જાગૃત થશે.

**કોરોના વાયરસ સામ કોઈ ઢીલાશ નહીઃ** માર્ચ મહિનો નાણાંકીય વર્ષનો છેલ્લો મહિનો છે. દેશમાં આર્થિક પ્રવૃત્તિની સાથે સાથે આપણા વેપાર અને ઉદ્યોગ સાહસિક મિત્રોનો વેપાર પણ વધી રહ્યો છે. આપણે કોરોના વાયરસને હળવાશથી નથી લેવાનો.

☛ ક્યુઆર કોડ સ્કેન કરીને મન કી બાત સાંભળો

न्यू ईन्डिया
# સમાચાર
વર્ષ 01, અંક 18, 16થી 31 માર્ચ 2021

**સંપાદક**
જયદીપ ભટનાગર
મુખ્ય મહાનિદેશક,
પીઆઈબી, નવી દિલ્હી

**પરામર્શ સંપાદક**
સંતોષકુમાર
વિનોદકુમાર

**સહાયક પરામર્શ સંપાદક**
વિભોર શર્મા

**પ્રકાશક અને મુદ્રક**
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન)

**મુદ્રણઃ**
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ
એરિયા, ફેઝ-2,
નવી દિલ્હી-110020

**સંપર્કઃ**
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન, સૂચના ભવન,
બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in

**ડિઝાઈનર**
રવિન્દ્ર કુમાર શર્મા

RNI No.
DELGUJ/2020/78810


## અંદરના પાનાં પર...

## હવે રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાની તૈયારી




**કવર સ્ટોરી** | પ્રથમ વાર કોઈ કેન્દ્ર સરકારે રમકડાં ઉદ્યોગ પર ફોકસ કર્યું. વૈશ્વિક બજારમાં ભારતીય રમકડાં ઉદ્યોગને સ્થાન અપાવવા પ્રયાસ | પેજ 10-25

ફ્લેગશીપ યોજના...
**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનું એક વર્ષ**
પેજ 28-29

**સોશિયલ મિડિયા, ઓટીટી પ્લેટફોર્મની માર્ગદર્શિકા**




સરકારે સોશિયલ મિડિયા, ઓટીટી પ્લેટફોર્મની જવાબદારી નક્કી કરી
પેજ 8-9

**બજેટનો અસરકારક અમલ કરવા સરકાર સજ્જ**
દેશની ટોચની નેતાગીરીએ બજેટના અમલને પ્રાથમિકતા આપી | પેજ 30-31

**સમાચાર-સાર**
દેશના મુખ્ય સમાચાર | પેજ 4-5

**શહેનાઈના સમ્રાટ**
આજે પણ બિસ્મિલ્લાહ ખાન શરણાઈનો પર્યાય છે | પેજ 6

**કરોડો ચહેરા પર ખુશી જોવા મળી**
ઈન્ટરનેશનલ હેપીનેસ ડે પર સરકારની સફળતા આંકડામાં | પેજ 7

**સમવાયીતંત્રની મજબૂતીએ ભારતનો વિકાસ કર્યો**
નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક | પેજ 26

**ભારતને ઉત્પાદન હબ બનાવવાની દિશામાં પ્રયાસ**
કેબિનેટના નિર્ણયો | પેજ 27

**પર્યાવરણના જતન માટે કટિબધ્ધ ભારત**
આંતરરાષ્ટ્રીય વન અને જલ દિવસ પર વિશેષ અહેવાલ | પેજ 32-33

**શાળાઓ ફરી ખુલીઃ બાળકોનાં ચહેરા પર ખુશી આવી**
કોરોના બાદ વિદ્યાર્થીઓની જીંદગી સામાન્ય બની | પેજ 34-35

**રસીકરણ અભિયાનઃ મિશન ઈન્દ્રધનુષ**
વિવિધ રસીકરણ અભિયાન પર એક નજર | પેજ 36-37

**કોવિડ રસીઃ હવે જનતાનો વારો**
રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ થયો | પેજ 38

**વિદ્યાર્થીઓને વડાપ્રધાનનો 'સેલ્ફ થ્રી'નો મંત્ર**
વિશ્વભારતી યુનિ., આઈઆઈટીમાં પીએમનો સંવાદ | પેજ 39

**રમતાં રમતાં જ્ઞાન અને સંદેશ**
બદલાતું ભારત | પેજ 40

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર,

રમકડું મેળવીને બાળકને અપાર ખુશી મળે છે અને તેનાં કુમળા મગજમાં કાયમી છાપ છોડી જાય છે. રમકડાં બાળકને જીવનભર પ્રેરણા આપતા હોવાથી તેની સાથે અનેક સ્મૃતિ સંકળાયેલી હોય છે. ભારતમાં સ્થાનિક રમકડાંની સમૃધ્ધ પરંપરા રહી છે, પણ વિદેશી ચીજો ભારતનાં બજારોમાં ઠલવાવા માંડી ત્યારથી દેશી રમકડાંનું ચલણ ઓછું થઈ ગયું છે. ભારત વિશ્વમાં રમકડાંનું સૌથી મોટું ઉત્પાદક હોવા છતાં વૈશ્વિક બજારમાં તેનો હિસ્સો માત્ર 0.5 ટકા છે. આ સ્થિતિમાં સરકાર વિવિધ પગલાં ભરીને રમકડાં ઉદ્યોગને બેઠો કરવા પ્રયાસ કરી રહી છે.

રમકડાંની મદદથી સરકાર બાળકોને સંસ્કૃતિ અને સભ્યતાનો પરિચય કરાવવા માગે છે. તે રમકડાં ઉદ્યોગને સાથે રાખીને બાળકોને કેમિકલ ફ્રી રમકડાં પૂરાં પાડવા માંગે છે. આ પગલાંઓ દ્વારા દેશના અર્થતંત્રને લાભ થવાની સાથે સાથે બાળકોને નુકસાનકારક રમકડાંથી પણ બચાવી શકાશે. ન્યૂ ઇન્ડિયા સમાચારના આ અંકની કવર સ્ટોરી રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાના સરકારના એક્શન પ્લાન પર આધારિત છે.

આ ઉપરાંત, વર્તમાન અંકમાં કોરોનાને કારણે મહિનાઓ પછી શાળાઓ ખુલવાથી વિદ્યાર્થીઓના ચહેરા જોવા મળેલી ખુશી અંગેનો અહેવાલ છે. વિવિધ વિકાસલક્ષી કામોને કારણે કરોડો લોકોના ચહેરા પર ખુશી અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. આ અંત નથી, પણ 'આત્મનિર્ભર ભારત' ઝૂંબેશ રાષ્ટ્રીય ભાવના બની હોવાની શરૂઆત છે.

આવા જ સ્નેહ અને વિશ્વાસ સાથે તમારા વિચારો અને સૂચનો અમને લખતાં રહેજો.


સરનામુ : બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, બીજો માળ,
સૂચના ભવન, નવી દિલ્હી - 110003

ઈમેલ : response-nis@pib.gov.in


(જયદીપ ભટનાગર)

# પ્રતિભાવ




આવું ઉપયોગી સામયિક- ન્યૂ ઈન્ડિયા સમાચાર પ્રકાશિત કરવા બદલ અભિનંદન. મેં ફેબ્રુઆરી મહિનાની ઓનલાઈન આવૃત્તિ વાંચી. તેની વાંચન સામગ્રી વાંચીને ગમ્યું. અને તે પણ સચોટ રીતે અને સરળ ભાષામાં.
સામયિકના જૂના અંક ક્યાંથી મળી શકે તે જણાવશો. મારા ઈમેલ આઈડી પર હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષાના અંકો નિયમિત રીતે મોકલતા રહેજો.


**આભાર**
**જાગૃતિ પાંડે**
M.Com., LLB, ACS.
**લખનૌ**
csjagritipandey@gmail.com


## ડિજિટલ કેલેન્ડર




**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

**ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે**

**ગુગલ પ્લે સ્ટોર લિંક**
https://play.google.com/store/apps/details?id=in.gov.calendar

**આઇઓએસ લિંક**
https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594

**https://goicalendar.gov.in/**

સામયિકની સામગ્રી સમૃધ્ધ બનાવવા કરવામાં આવતા પ્રયાસો જોઈને હું દિગ્મૂઢ છું. અહેવાલોની સચિત્ર રજૂઆત, સુંદર ફોન્ટ અને ઈમેજને કારણે સામયિકના છેલ્લાં પાના સુધી રસ જળવાઈ રહે છે. આ જ રીતે સારું કામ કરતા રહેજો.


**આભાર**
**રૂતુરાજ મોહન્તી**
**ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ**
**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, દિલ્હી**
mcs18@cse.iitd.ac.in


નવા ભારતના નિર્માણ માટે ભારત સરકારે લીધેલાં પગલાંનાં પ્રતિબિંબ સમાન ખૂબ સરસ સામયિક પ્રકાશિત કરવા બદલ અભિનંદન. મેં 16-28 ફેબ્રુઆરીની ઓનલાઈન આવૃત્તિ વાંચી છે. આ સામયિકની મુદ્રિત આવૃત્તિનું વાર્ષિક સબસ્ક્રિપ્શન લેવામાં મને રસ છે. સામયિક પ્રકાશિત કરતી ટીમને મારી ખૂબ ખૂબ શુભેચ્છા.


**આભાર**
**અભય કાંત ઝા**
avypur@gmail.com


ન્યૂ ઈન્ડિયા સમાચારમાં સમાચારોનું અપડેટ આપવા બદલ આભાર. માનનીય વડાપ્રધાન અને તેમનાં મંત્રીમંડળે અત્યંત પ્રતિબધ્ધતા અને સહનશીલતા સાથે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઉત્તમ કામગીરી કરી છે. 370મી કલમની નાબૂદી, નોટબંધી અને જીએસટી જેવાં પગલાં સરકારની પ્રતિબધ્ધતા અને સમર્પણ દર્શાવે છે.


**સત્ય પ્રકાશ પટનાયક**
**મયુરભંજ**
pattnayaksp80@gmail.com

# વિશ્વનાં સૌથી મોટાં ક્રિકેટ સ્ટેડિયમનું ઉદઘાટન



રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 24 ફેબ્રુઆરીનાં રોજ અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદઘાટન કર્યું હતું. આ સ્ટેડિયમ ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેશનમાં ગોલ્ડ રેટિંગ ધરાવે છે અને ઈકો-ફ્રેન્ડલી ડેવલપમેન્ટનું ઉદાહરણ છે. અગાઉ મોટેરા સ્ટેડિયમ તરીકે ઓળખાતાં આ સ્ટેડિયમનું નામકરણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવામાં આવ્યું છે. તે 1.32 લાખ દર્શકોને સમાવી શકે છે. 63 એકર જમીનમાં રૂ. 800 કરોડનાં ખર્ચે બનેલું પિલ્લર વગરનું સ્ટેડિયમ વિશ્વકક્ષાની સુવિધાઓથી સજ્જ છે. અહીંની લાઇટોથી પિચ પર ખેલાડીઓનો પડછાયો નહીં પડે અને તે 40થી 50 ટકા વીજળીની બચત કરશે. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ સરદાર વલ્લભભાઇ પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્સનો હિસ્સો છે. આ સંકુલમાં ઓછામાં ઓછા 20 સ્ટેડિયમ બનશે અને દરેક સ્ટેડિયમનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ ઉજાળનાર ખેલાડી સાથે જોડવામાં આવશે. 233 એકરનું આ સ્પોર્ટસ એન્કલેવ ભારતનું સૌથી મોટું સ્પોર્ટ્સ એન્કલેવ હશે.

## યોગ ડે માટે તાલીમ કાર્યક્રમ

2015થી દર વર્ષે વિશ્વભરમાં 21 જુનનાં રોજ ઈન્ટરનેશનલ યોગ ડે મનાવવામાં આવે છે. ભારતમાં અને વિદેશમાં લોકો યોગ પધ્ધતિ અપનાવે તે માટે આયુષ મંત્રાલય વિવિધ પગલાં ભરે છે. આમાંનું એક પગલું છે કોમન યોગ પ્રોટોકોલ (CYP) ટ્રેઈનિંગ પ્રોગ્રામ. યોગ નિષ્ણાંતોની ટીમ દ્વારા આ કાર્યક્રમ વિકસાવવામાં આવ્યો છે અને તેમાં શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક તંદુરસ્તી સુધારવા માટેની સલામત પધ્ધતિઓનો સમાવેશ થાય છે. યોગનાં જ્ઞાન અને પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા અને તેનો ફેલાવો કરવા આયુષ મંત્રાલય CYPનાં ઓનલાઇન સત્રોનું આયોજન કરે છે. અંગ્રેજી અને હિન્દી ભાષામાં આ સત્રો યોજવામાં આવે છે. ફેબ્રુઆરીથી તેનો પ્રારંભ થયો છે અને દર મહિનાના પ્રથમ દિવસે સવારે સાત વાગે સત્ર શરૂ થાય છે, જે જુન મહિના સુધી ચાલુ રહેશે.



## જીયોસ્પેશિયલ ડેટા માટેના નિયમો હળવા બનાવાયા

સરકારે જીયોસ્પેશિયલ ડેટા (ભૌગોલિક બાબતોની માહિતી) માટેની માર્ગદર્શિકામાં સુધારાની જાહેરાત કરી છે. સરકારે અનેક નિયમો હળવા કરતા ભારતીય કંપનીઓને ઘણો લાભ થશે. તેમણે હવે જીયોસ્પેશિયલ ડેટા અને નકશા સહિતની જીયોસ્પેશિયલ ડેટા સર્વિસ મેળવવા કે આપવા માટે કોઇની પૂર્વ મંજૂરી, સિક્યોરિટી ક્લિયરન્સ કે લાઇસન્સ લેવાની જરૂર નહીં પડે. નવી ઉદાર માર્ગદર્શિકાથી ઇસરો જેવી ભારતીય એજન્સીઓ માટે જાહેર ભંડોળ દ્વારા એકત્રિત તમામ જિયોસ્પેશિયલ ડેટા મેળવવો સરળ બની જશે. આમાં કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ દ્વારા એકત્ર કરાતો ક્લાસિફાઇડ જિયોસ્પેશિયલ ડેટા અપવાદ છે. એજન્સીઓ હવે કોઇ પણ જાતના નિયંત્રણ વગર વૈજ્ઞાનિક, આર્થિક અને વિકાસલક્ષી હેતુ માટે આ ડેટાનો ઉપયોગ કરી શકે છે. વિશ્વભરમાં જે હાજરમાં ઉપલબ્ધ છે તેના પર ભારતમાં નિયંત્રણ ન હોવું જોઇએ. તેથી, હવે ભારતમાં પણ તે મુક્ત રીતે ઉપલબ્ધ બનશે. આ નિર્ણયને પગલે ભારતમાં રૂ. એક લાખ કરોડનું જિયોસ્પેશિયલ અર્થતંત્ર ઊભું થશે.

# ભારતીય અર્થતંત્રમાં સુધારોઃ જીડીપી પોઝિટિવ


Interview | Cover Story

"We are cautiously optimistic with our long-term approach"

From *Jaan Hai to Jahan Hai* to *Jaan Bhi Aur Jahan Bhi*, India has come a long way from not only saving lives but also bringing the economy on track. The country with 137 Crore population is not only faring better in terms of dealing with COVID-19 pandemic onslaught but also its impact on the economy. The upturn in the economy is visible by various indicators which has been made possible due to proper planning, better execution and a decisive leadership. In an exclusive conversation,Chief Economic Advisor Dr K V Subramanian spoke to Consulting Editors of New India Samachar Vinod Kumar and Santosh Kumar on various issues including future roadmap of the economy. Excerpts:

**Q India's preparation to check COVID-19 pandemic not only saved lives but also gave a new impetus to the economy. How did the Government's plan work effectively, which is taking the country towards a new hope?**

New India Samachar | 27

2020-21ના ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં ભારતીય અર્થતંત્રમાં 0.4 ટકાની વૃધ્ધિ થઈ હતી. કોરોના વાયરસ ફેલાવાથી અને રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી 23.9 ટકા અને જુલાઇ-સપ્ટેમ્બરના ગાળામાં જીડીપી 7.5 ટકા સંકોચાઇ હતી. સતત બે ક્વાર્ટરમાં જીડીપી સંકોચાય તો તેને મંદી (રિસેશન) કહેવામાં આવે છે. ન્યૂ ઇન્ડિયા સમાચાર (16-31 ડિસેમ્બરનો અંક)ને આપેલી મુલાકાતમાં મુખ્ય આર્થિક સલાહકાર કે વી સુબ્રમણિયને જણાવ્યું હતંા કે, ત્રીજા ક્વાર્ટરમાં અર્થતંત્ર રિકવર થશે. ત્રીજા ક્વાર્ટરમાં જીડીપીએ 0.4 ટકાની વૃધ્ધિ નોંધાવી છે. ડેટા પ્રમાણે કૃષિ ક્ષેત્રમાં 3.9 ટકા, ઉત્પાદન ક્ષેત્રમાં 1.6 ટકા અને બાંધકામ ક્ષેત્રમાં 6.2 ટકાની વૃધ્ધિ થઈ છે.

## લાભાર્થી હવે નજીકની કોઇ પણ ESIC એમ્પેનલ્ડ હોસ્પિટલમાં મેડિકલ સર્વિસનો લાભ લઈ શકે છે

ESICના લાભાર્થીઓને વધુ સારી મેડિકલ સર્વિસ પૂરી પાડવા સરકાર સતત પ્રયાસ કરી રહી છે. હવે લાભાર્થી તેમનાં નિવાસસ્થાનની 10 કિલોમીટરની અંદર ESIC હોસ્પિટલ કે ડિસ્પેન્સરી ના હોય તો ESICની પેનલમાં સમાવિષ્ટ નજીકની હોસ્પિટલમાં મેડિકલ સેવા લઈ શકે છે. નવા વિસ્તારોમાં ESIC સ્કીમનું વિસ્તરણ કરાતાં લાભાર્થીઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લેતાં આ વ્યવસ્થા કરવામાં આવી છે. મેડિકલ સેવા મેળવવા માટે લાભાર્થીને ESIC ડિસ્પેન્સરીમાંથી ભલામણ લેવાની જરૂર નથી. તેમણે ESIC ઇ-પહેચાન કાર્ડ/હેલ્થ પાસબુક અને સરકારે જારી કરેલું ઓળખપત્ર લઈને નજીકની એમ્પેનલ હોસ્પિટલમાં જવાનું રહેશે. તેઓ ઓપીડી સર્વિસ માટે કેશલેસ મેડિકલ કન્સલ્ટેશન પણ કરાવી શકે છે.




## વન્યજીવન સંરક્ષણ કોરિડોર સાથે ભારતનો પ્રથમ હાઇવે



ભારતને સૌ પ્રથમ એલિવેટેડ વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન કોરિડોર ધરાવતો હાઇવે મળશે. દિલ્હી-સહારનપુર-દહેરાદુન ઇકોનોમિક કોરિડોર ભારતનો પ્રથમ હાઇવે હશે, જેમાં વન્યજીવન સંરક્ષણ માટે 12 કિમી લાંબો એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવશે. હાલમાં તેનાં પર કામ ચાલી રહ્યું છે. રૂ. 13,000 કરોડનાં હાઇવે પ્રોજેક્ટથી દિલ્હી-દહેરાદુન વચ્ચેનું અંતર 235 કિમીથી ઘટીને 210 કિમી અને મુસાફરીનો સમય 6.5 કલાકથી ઘટીને 2.5 કિમી થઈ જશે. પ્રતિ કલાક 100 કિમીની લઘુતમ સ્પીડથી વાહન ચલાવી શકાય તે રીતે સમગ્ર કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. દર 25થી 30 કિમીએ રસ્તામાં ખાણીપીણીની સુવિધાઓ હશે. હાઇવેને ચાર સેક્શનમાં વિભાજીત કરવામાં આવશે. આ હાઇવે બાગપત, સહારનપુર જેવા શહેરોમાંથી પસાર થશે. હાઇવેનો સેક્શન ફોર સંરક્ષિત વનવિસ્તારમાંથી પસાર થશે અને તેથી ત્યાં એલિવેટેડ વાઇલ્ડલાઇફ કોરિડોર બનાવવામાં આવશે. માર્ચ 2021 સુધીમાં કોન્ટ્રાક્ટ આપવામાં આવશે અને તે બે વર્ષમાં પૂરો થવાની ધારણા છે. ■

# શહેનાઇના સમ્રાટ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન

ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન શહેનાઇ વગાડતા ત્યારે તેનાં સૂરમાં શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. શરણાઇ પર તેમનો પ્રેમ એટલો ઊંડો હતો કે તેઓ પ્રેમથી તેને 'બેગમ' કહેતા. આજે પણ બિસ્મિલ્લાહ ખાન શરણાઇનો પર્યાય છે...



જન્મઃ **21 માર્ચ, 1916**...મૃત્યુઃ **21 ઓગસ્ટ 2006**

શરણાઇ શબ્દ પડતાં જ આપણને ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનનું સ્મરણ થઈ આવે છે. ફુંક મારવાથી વાગતા આ મ્યુઝીક ઇન્સ્ટ્રુમેન્ટને લોકપ્રિય બનાવવામાં માત્ર અને માત્ર ઉસ્તાદનું યોગદાન છે એમ કહેવાય. તેઓ શહેનાઇને ભારતીય શાસ્ત્રીય સંગીતની મુખ્ય ધારામાં લઈ આવ્યા. તેમણે શરણાઇ વગાડવાનું શરૂ કર્યું તે પહેલાં શરણાઇ મોટે ભાગે પ્રસંગોમાં જ વાગતી હતી. તેઓ શરણાઇને વૈશ્વિક શ્રોતાઓ સુધી લઇ ગયા. વિશ્વભરમાં તેમના ચાહકો હોવા છતાં તેમણે બનારસ (વારાણસી)માં જ રહેવાનું પસંદ કર્યું. બિહારના ડુમરાંવમાં દરબારી સંગીતકારોના પરિવારમાં જન્મેલા બિસ્મિલ્લાહ ખાન પૈગમ્બર ખાન અને મિથાનનું બીજું સંતાન હતા. અમીરુદ્દીન ખાન તેમના બાળપણનું નામ હતું. તેમના પિતા ડુમરાંવના મહારાજા કેશવ પ્રસાદ સિંહના દરબારમાં સંગીતકાર હતા. બિસ્મિલ્લાહ ખાન છ વર્ષના હતા ત્યારે તેમના પિતા વારાણસી રહેવા આવી ગયા, જ્યાં તેમના મામા અલી બક્ષ વિશ્વનાથ મંદિરના અધિકૃત શહેનાઇ વાદક હતા. શહેનાઇ પ્રત્યે ખાનના પ્રેમને જોતાં અલી બક્ષે તેમને તાલીમ આપી.

ખાન ખૂબ ગંભીરતાથી શહેનાઇ વગાડતા અને ટૂંકા ગાળામાં મહારથ હાંસલ કરી. તેઓ શરણાઇ વાદનમાં પોતાની મેળે સુધારો કરતા અને શહેનાઇની રેન્જની બહાર હોય તેવા રાગ પણ શોધતા. વારાણસી પ્રત્યે તેમને એટલો પ્રેમ કે જીવનના અંતિમ શ્વાસ સુધી ત્યાં જ રહ્યા. તેઓ કહેતાં કે, કાશી જેવું કોઇ શહેર નથી. મારે જે જોઇએ તે બધું જ અહીં મળે છે- નહાવા માટે ગંગા નદી, નમાઝ અદા કરવા મસ્જિદ અને રિયાઝ કરવા બાલાજી મંદિર. વારાણસી કોમી ભાઇચારો અથવા તો 'ગંગા જમની તેહઝીબ' માટે પ્રસિધ્ધ છે અને બિસ્મિલ્લાહ ખાન તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેઓ તેમની તમામ સિધ્ધિઓનો શ્રેય અલ્લાહ, દેવી સરસ્વતી અને ભગવાન વિશ્વનાથને સંયુક્ત રીતે આપતા.

તેમને અનેક વાર મોટી રકમની ઓફર કરવામાં આવી અને વિદેશમાં સ્થાયી થવાનો વિકલ્પ આપવામાં આવ્યો, પણ તેઓ હંમેશા ઇનકાર કરતાં કહેતાં કે, "વારાણસી તો મારું ઘર છે." એક વાર તો તેમને એવું પણ વચન આપવામાં આવ્યું કે તમારા માટે વારાણસીની પ્રતિકૃતિ તૈયાર કરી આપીએ. પણ તેમણે કહ્યું કે, છબી ક્યારેય વાસ્તવિક ન બની શકે. વારાણસી એ શહેર છે જ્યાં ગંગા વહે છે, જ્યાં હું ભગવાન બાલાજી માટે શહેનાઇ વગાડું છું. હું ભારતમાં જ ઘર જેવું અનુભવી શકું છું."

1937માં કોલકતામાં ઓલ ઇન્ડિયા મ્યુઝીક કોન્ફરન્સમાં તેમની કોન્સર્ટ કારકીર્દિનો ટર્નિંગ પોઇન્ટ પુરવાર થયો. એ પછી તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. 1947માં ભારતની આઝાદીની પૂર્વસંધ્યાએ લાલ કિલ્લા ખાતે તેમને શહેનાઇ વગાડવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું.

2006માં તેમનું અવસાન થયું ત્યારે તેમની અંગત શહેનાઇ પણ તેમની સાથે જ દફનાવવામાં આવી હતી. ભારતના તમામ ટોચના ચાર નાગરિક પુરસ્કારથી તેમને નવાજવામાં આવ્યા હતા-પદ્મશ્રી (1961), પદ્મ ભૂષણ (1968), પદ્મ વિભૂષણ (1980) અને ભારત રત્ન (2001). ■

ઇન્ટરનેશનલ હેપીનેસ ડે
20 માર્ચ, 2021

# એ અબજો ખુશખુશાલ ચહેરા માટે

**થીમઃ**
ઉદાર બનો
શાંત રહો
સમજદાર બનો

જીવનમાં સુખી રહેવા માટે ચહેરા પર હાસ્ય રહેવું જરૂરી છે. હસવા રહેવાથી તંદુરસ્તી પણ સારી રહે છે. આ હકીકતને સ્વીકારવા માટે જ ઇન્ટરનેશનલ હેપીનેસ ડે મનાવાય છે. જો કે, ખુશી મનાવવા માટે વર્ષનો એક દિવસ પૂરતો નથી. માણસે જીવનની દરેક ક્ષણને માણવી અને જીવી જોઇએ. દેશનો સાતત્યપૂર્ણ વિકાસ, ગરીબી નાબૂદી અને સમાજની સુખાકારી સુનિશ્ચિત કરવા સર્વગ્રાહી, સમાન અને સંતુલિત આર્થિક વૃધ્ધિથી પણ લોકો ખુશ રહે છે. સરકારે લોકોની ખુશી માટે અનેક યોજનાઓનો સફળ અમલ કર્યો છે.

### જલ જીવન મિશન
જલ જીવન મિશન હેઠળ માત્ર 17 મહિનામાં 3.53 કરોડ ઘરોમાં નળ દ્વારા પાણી મળે છે

### પીએમ ઉજ્જવલા
8.3 કરોડ મહિલાઓને રસોડામાં ધુમાડાથી બચાવવા મફત ગેસ જોડાણ

### પીએમ જીવન જ્યોતિ બીમા યોજના
વર્ષે માત્ર રૂ. 330માં કિફાયતી અને રીન્યુએબલ રૂ. બે લાખનું વીમા કવચ. અત્યાર સુધી 9.88 કરોડ લોકોની નોંધણી



### જન ઔષધિ
દેશના 700 જિલ્લામાં 6600 પીએમ જન ઔષધિ કેન્દ્રોમાં કિફાયતી અને ગુણવત્તાસભર દવાઓથી ગરીબોનું જીવન બદલાઈ રહ્યું છે

### ઉજાલા
ઊર્જા અને પર્યાવરણની બચત. 36.71 કરોડ એલઇડી લાઇટનું વિતરણ, રૂ. 18,000 કરોડની વાર્ષિક બચત

### આયુષ્યમાન ભારત
50 કરોડથી વધુ લોકોને રૂ. પાંચ લાખ સુધીની મફત સારવાર પૂરી પાડવામાં આવશે, જે તેમને તંદુરસ્તી આપશે. અત્યાર સુધી 1.63 કરોડ લોકોએ યોજનાનો લાભ લીધો છે

### પીએમ આવાસ
ઘરનાં ઘરનું સ્વપ્ન હવે સાકાર. પીએમ આવાસ યોજના હેઠળ અત્યાર સુધી 1.68 કરોડ લોકોને પોતાનાં ઘર મળ્યું

### પીએમ કિસાન
પીએમ-કિસાન સન્માન નિધીથી 11.64 કરોડ પરિવારોને લાભ. અત્યાર સુધી ખેડૂતોને રૂ. 1.13 લાખ કરોડ ટ્રાન્સફર

### પીએમ સ્વનિધી
કોરોના સમયમાં રાહત આપી, 2.76 કરોડથી વધુ વેન્ડર્સને અત્યાર સુધી રૂ. 2,071 કરોડની લોન આપવામાં આવી ચૂકી છે.

### ઉડાન
સસ્તામાં વિમાન પ્રવાસ હકીકત બની
માત્ર રૂ. 2500 ખર્ચીને 53 લાખથી વધુ લોકોએ વિમાન પ્રવાસ કર્યો



# કન્ટેન્ટ માટે સોશિયલ મિડિયા, ઓટીટીને જવાબદાર ઠેરવતા નિયમો



ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામે સામાન્ય માણસને તાકાત આપી છે. મોબાઇલ ફોન અને ઇન્ટરનેટનો વ્યાપક પ્રસાર થયો હોવાથી અનેક સોશિયલ મિડિયા પ્લેટફોર્મનો ભારતમાં મોટા પાયે ઉપયોગ થાય છે. જો કે, સોશિયલ મિડિયા, ન્યૂઝ પોર્ટલ્સ અને ઓવર-ધ-ટોપ (OTT) પ્લેટફોર્મ્સ પર નિયંત્રણ મૂકવાની માગ લાંબા સમયથી થઈ રહી હતી. લોકોની આ માગ સ્વીકારીને સરકારે નવી માર્ગદર્શિકા જારી કરી છે.

ભારતમાં વિવિધ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપલબ્ધ છે અને નાગરિકો દ્વારા તેનો ઉપયોગ થાય છે. સામાન્ય માણસના જીવનનો તે અભિન્ન હિસ્સો બની ગયો છે. ભારતમાં સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર લોકો તેમની સર્જનાત્મકતા બતાવે છે, પ્રશ્નો પૂછે છે, ઘટનાઓથી માહિતગાર રહે છે અને સરકાર તથા તેની કામગીરીની ટીકા કરવા સહિતના અભિપ્રાયો મુક્ત રીતે વ્યક્ત કરે છે. ટીકા કરવાના અને અસંમત થવાના દરેક નાગરિકના અધિકારનો સરકાર સ્વીકાર અને સન્માન કરે છે. પણ, ડિજિટલ મિડિયામાં પારદર્શિતાનો અભાવ, યુઝરની જવાબદારી અને અધિકારો અંગે ચિંતા પણ હતી. સોશિયલ મિડિયાના પ્રસારને કારણે નાગરિકો સશક્ત બને છે. તો તેનાં વિપરીત પરિણામ પણ આવ્યા છે. તાજેતરનાં વર્ષોમાં સોશિયલ મિડિયાએ ચિંતા પણ ઉપજાવી છે.

**53** કરોડ વોટ્સએપ યુઝર ભારતમાં

**1.75** કરોડ ટ્વિટર યુઝર ભારતમાં

**44.8** કરોડ યુટ્યુબ યુઝર ભારતમાં

**41** કરોડ ફેસબુક યુઝર ભારતમાં

**21** કરોડ ઇન્સ્ટાગ્રામ યુઝર ભારતમાં

## સોશિયલ મિડિયા માટેની નવી માર્ગદર્શિકાઃ

- સરકારે ઇન્ફોર્મેશન ટેકનોલોજી (ઇન્ટરમિડિયરી ગાઇડલાઇન્સ એન્ડ ડિજિટલ મિડિયા એથિક્સ કોડ) રૂલ્સ, 2021 નોટિફિકેશન બહાર પાડ્યું
- નવા નિયમોમાં સોશિયલ મિડિયાના સામાન્ય યુઝરને સત્તા આપી
- સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સે ભોગ બનનાર પાસેથી ફરિયાદ સ્વીકારવા અને તેનો ઉકેલ લાવવા ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઊભી કરવી પડશે
- આવી ફરિયાદોના ઉકેલ માટે તેમણે ગ્રિવન્સ ઓફિસરની નિયુક્તિ કરવાની રહેશે અને આવા અધિકારીનું નામ અને સંપર્કની વિગતો આપવાની રહેશે
- પ્લેટફોર્મે નિયમોનું કેટલું પાલન થયું તેનો માસિક અહેવાલ પ્રસિધ્ધ કરવાનો રહેશે, જેમાં મળેલી ફરિયાદોની વિગત, ફરિયાદોને પગલે લેવાયેલાં પગલાં ઉપરાંત દૂર કરવામાં આવેલા કન્ટેન્ટની માહિતી જણાવવાની રહેશે
- પ્લેટફોર્મે ભારતના સાર્વભૌમત્વ અને એકતા અંગેના ગુનાઓ અથવા ઓછામાં ઓછા પાંચ વર્ષ જેલની મુદત થતી હોય તેવા મેસેજ સૌ પ્રથમ મૂકનાર યુઝરને શોધવો પડશે
- પ્લેટફોર્મે ફરિયાદ મળ્યાના 24 કલાકની અંદર વાંધાજનક કન્ટેન્ટ દૂર કરવાનું રહેશે

# ડિજિટલ મિડિયા, ઓટીટી પ્લેટફોર્મ માટે નવું શું છે

- સરકાર ઓટીટી પ્લેટફોર્મ પર પણ નિયંત્રણ લાવશે
- અત્યાર સુધી ઓટીટી પ્લેટફોર્મ પર સરકારનું કોઇ નિયંત્રણ નહોતું.
- ડિજિટલ મિડિયા પર સમાચાર પ્રસિધ્ધ કરનારે પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ અખબારો માટે નક્કી કરેલા નિયમો અને કેબલ ટેલિવિઝન નેટવર્કસ હેઠળના પ્રોગ્રામ કોડનું પાલન કરવાનું રહેશે
- ઓનલાઇન ન્યૂઝ, ઓટીટી પ્લેટફોર્મ અને ડિજિટલ મિડિયા માટે 'કોડ ઓફ એથિક્સ' (નીતિમત્તાના ધોરણો) નક્કી કરવામાં આવ્યા છે.
- ઓટીટી પ્લેટફોર્મે તેનાં કન્ટેન્ટને ઉંમર આધારિત પાંચ કેટેગરીમાં વર્ગીકૃત કરવાનું રહેશે.- U (Universal), U/A 7+, U/A 13+, U/A 16+ અને A (એડલ્ટ). પ્લેટફોર્મે U/A 13+ અથવા તેનાથી ઉપરની કેટેગરીમાં વર્ગીકૃત કન્ટેન્ટ માટે પેરન્ટલ લોકનો અમલ કરવાનો રહેશે
- આવા પ્લેટફોર્મ માટે વિવિધ પ્રકારના સ્વનિયમન સાથે ત્રિ-સ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે
- સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટના નિવૃત્ત જજ અથવા સ્વતંત્ર પ્રતિષ્ઠિત વ્યક્તિના વડપણ હેઠળ પબ્લિશર્સની એક કે તેનાથી વધુ સ્વ-નિયમનકાર સંસ્થા હોઈ શકે
- માહિતી અને પ્રસારણ મંત્રાલય નીરિક્ષણ વ્યવસ્થાતંત્ર ઊભું કરશે

## નવા નિયમો કઇ રીતે અને શા માટે ઘડવામાં આવ્યા હતાઃ

- 2018માં સુપ્રીમ કોર્ટે 'સુઓ મોટો' રિટ પિટિશનમાં નીરિક્ષણ આપ્યું હતું કે, સરકાર કન્ટેન્ટ હોસ્ટ કરતા પ્લેટફોર્મ્સ અને અન્ય એપમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફી, બળાત્કાર અને ગેંગ રેપ, વિડિયો અને સાઇટ્સને નાબૂદ કરવા જરૂરી માર્ગદર્શિકા ઘડી શકે છે.
- 2019માં સુપ્રીમ કોર્ટે ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)ને 2020માં નવા નિયમો નોટિફાય કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટેની સમયમર્યાદા જણાવવા નિર્દેશ કર્યો હતો.
- 2020માં રાજ્યસભાની વચગાળાની સમિતિએ સોશિયલ મિડિયામાં પોર્નોગ્રાફી અને સમાજ પર તેની અસર અંગેના મુદ્દાનો અભ્યાસ કરીને અહેવાલ રજૂ કર્યો હતો અને આવા કન્ટેન્ટના પ્રથમ સ્રોતને ઓળખી કાઢવા અંગે ભલામણ કરી હતી.



- ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)એ નિયમોનો મુસદ્દો તૈયાર કર્યો અને ડિસેમ્બર 2018માં જાહેર જનતાની પ્રતિક્રિયા માગી. મંત્રાલય સમક્ષ સામાન્ય માણસો, નાગરિક સમાજ, ઉદ્યોગ સંઘ અને વિવિધ સંગઠનો પાસેથી 171 ટિપ્પણી આવી. આ ટિપ્પણીનું પૃથક્કરણ કરીને આંતરમંત્રાલય બેઠક બાદ નિયમોને અંતિમ રૂપ આપવામાં આવ્યું.

સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સ પર ખોટા સમાચારો (ફેક ન્યૂઝ) અને વિચલિત કરી શકે તેવી ઘટનાઓ ફોરવર્ડ થતી હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી મોર્ફ કરેલી તસવીરો અને કન્ટેન્ટ મોકલીને સોશિયલ મિડિયાનો બેફામ દુરુપયોગ થઈ રહ્યો હતો. સોશિયલ મિડિયાનું આ દૂષણ વ્યક્તિની ગરીમા પર જોખમ છે એટલું જ નહીં, અનૈતિક પણ છે. અશિષ્ટ ભાષા, વાંધાજનક અને અશ્લીલ કન્ટેન્ટ, ધાર્મિક લાગણીને ઠેસ પહોંચે તેવી ટિપ્પણીનું પ્રમાણ સતત વધી રહ્યું હતું. સંસદ અને તેની સમિતિઓ, ન્યાયિક ચૂકાદા અને નાગરિક સમાજની ચર્ચાઓ સહિતના વિવિધ મંચો પર સમયાંતરે આ અંગે ચિંતા વ્યક્ત થઈ હતી.


25 ફેબ્રુઆરીએ સરકારે ફેસબુક, ટ્વિટર તેમજ નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઇમ અને હોટસ્ટાર જેવા સોશિયલ મિડિયા પ્લેટફોર્મ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી. ડિજિટલ મિડિયા અને ઓટીટી અંગેના નિયમો ઇન-હાઉસ અને સ્વ-નિયમન વ્યવસ્થા પર વધુ ફોકસ કરે છે, જેમાં પત્રકારત્વ અને સર્જનાત્મક સ્વતંત્રતા જાળવવાની સાથે સાથે ફરિયાદ નિવારણ વ્યવસ્થાતંત્રની જોગવાઇ કરવામાં આવી છે. નવા નિયમોમાં લોકોના એ ભયને દૂર કરવામાં આવ્યો છે કે તેમની સર્જનાત્મકતા પર પ્રતિબંધ આવશે. ■

# વૈશ્વિક બજાર માટે સ્થાનિક રમકડાં

રમકડાં બાળકના જીવનમાં બેવડી ભૂમિકા ભજવે છે. તે મનોરંજનની સાથે સાથે શારીરિક વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપે છે. રમકડાંમાં જ દેશની પરંપરા અને સંસ્કૃતિની ઝલક વર્તાય છે, તો કારીગરોને રોજગારી પણ મળે છે. વિશ્વભરમાં જાતભાતના અને આધુનિક રમકડાંનુ ચલણ ઝડપથી વધી રહ્યું છે ત્યારે રૂપિયા સાત લાખ કરોડના વૈશ્વિક રમકડાં બજારમાં ભારતનો હિસ્સો માત્ર 0.5 ટકા જ છે. એટલા માટે જ કેન્દ્ર સરકારે દેશના રમકડાં ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું છે, જેથી 2024 સુધીમાં નિકાસ વધારીને રૂ. 2800 કરોડ કરીને નવી રોજગારીનું સર્જન કરી શકાય...










“મને રમકડાં બનાવવાં ગમે છે. હું રાજસ્થાન અને કોલકતામાં રમકડાં બનાવવાની કળા શીખી છું. અમારા રમકડાંની ખૂબ પ્રશંસા થાય છે. સ્થાનિક સ્તરે બનતાં રમકડાં અંગે લોકોની માન્યતામાં મોટું પરિવર્તન આવ્યું છે અને હવે તેને સારો પ્રતિસાદ મળે છે,” એમ રાંચી (ઝારખંડ)ની શોભના કુમારી કહે છે. રમકડાં બનાવવાના શોખને તેણે આવકનો સ્રોત બનાવી દીધો છે. સારી કમાણી થતી જોઇને શોભાએ સલીના કચ્છપ, પ્રતિભા ટોપે સહિતની અનેક મહિલાઓને આ કલા શીખવાડી. આજે, આ ગ્રુપ અમેરિકા અને નેધર્લેન્ડ્સમાં નિકાસ કરે છે, જેણે ભારતને આંતરરાષ્ટ્રીય માન્યતા અપાવી છે.






સ્થાનિક લાકડાંમાંથી રમકડાં બનાવતા સી વી રાજુ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં આવેલા એટિકોપ્પકાના વતની છે. એટિકોપ્પકામાં રમકડાં બનાવવાની પરંપરા સેંકડો વર્ષ જૂની છે. એક સમયે આ ગામ તેનાં રમકડાં માટે વિશ્વભરમાં જાણીતું હતું. આ રમકડાં સંપૂર્ણપણે ગોળ બનતા હતા, જેથી બાળકોને અણી વાગે નહીં. લાખ (લેકર)થી રંગેલા આ રમકડાંમાં કોઇ કેમિકલનો ઉપયોગ થતો નહોતો. ધીરે ધીરે આ રમકડાંની પરંપરા લુપ્ત થઈ. વ્યવસાયે ખેડૂત રહી ચૂકેલા રાજુએ નવી ઝુંબેશ શરૂ કરી અને સ્થાનિક કલાકારોની સાથે મળીને ખૂબ સરસ એટિકોપ્પકા રમકડાં બનાવીને તેની ગુમાવેલી ગરીમા પાછી અપાવી છે. આ રમકડાંને ‘જીઆઇ’ ટેગ પણ મળ્યો છે. રાજુના પ્રયાસોથી સ્થાનિક રમકડાંની પરંપરા પુનર્જીવિત થઈ છે એટલું જ નહીં, 150થી વધુ પરિવાર આ કામમાં જોડાઇને રોજગારી મેળવી રહ્યા છે.



“આત્મનિર્ભર ભારત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને પગલે અમે રમકડાંનું ઉત્પાદન કરવાનો નિર્ણય કર્યો, જે પહેલાં આયાત થતા હતા. લોકડાઉન દરમિયાન ખૂબ રિસર્ચ કર્યા બાદ અમે રાજકોટમાં રમકડાં બનાવવાનું શરૂ કર્યું. અમારો હેતુ આયાત ઘટાડીને રમકડાં ઉદ્યોગમાં ભારતને આત્મનિર્ભર બનાવવાનું હતું,” એમ આદિતી ટોય્ઝ પ્રાઇવેટ લિમિટેડના જનરલ મેનેજર હિમાંશુ વોરા કહે છે. કંપની 160 પ્રકારના રમકડાં બનાવે છે, જે આયાતી રમકડાંને તીવ્ર સ્પર્ધા પૂરી પાડે છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેઓ 100 ટકા ભારતીય પ્રોડક્ટ્સ બનાવે છે. વોરાએ આ અંગે વધુમા જણાવ્યું કે, “અમારો હેતુ ભારતની માગને સંપૂર્ણપણે સંતોષવાનો અને આયાત પરનું અવલંબન ઘટાડવાનો છે. અમે શૈક્ષણિક રમકડાં બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમે લોકડાઉનના માત્ર ત્રણ મહિનામાં જ આ તમામ વ્યવસ્થા કરી છે. જો આપણે બધાં સાથે મળીને પ્રયાસ કરીએ તો મોટું પરિવર્તન લાવી શકીએ તેમ છીએ.” કંપનીએ રૂ. 1.15 કરોડની લોન લીધી અને આપત્તિને અવસરમાં ફેરવી. તેમનો ત્રીજો પ્લાન્ટ શરૂ થઈ ગયો છે અને રિમોટ કન્ટ્રોલ્ડ કારથી માંડીને ડોક્ટર સેટ સુધીના રમકડાંનું ઉત્પાદન કરે છે. તેમનાં રમકડાં આયાતી રમકડાં કરતા સસ્તાં હોય છે.







આ માત્ર કહાનીઓ નથી, પણ ભારતના રમકડાં ઉદ્યોગની બદલાતી તસવીર છે. અભિનવ બેનરજી દિલ્હીના ઝંડેવાલામાં પ્રસિધ્ધ રમકડાં બજારમાં ગયા ત્યારે તેમને પરિવર્તન દેખાયું. તેઓ કહે છે ભૂતકાળમાં આ બજારમાં માત્ર આયાતી રમકડાં જ મળતા હતા. તેઓ છેલ્લી વાર અહીં ગયા ત્યારે તેમને મેડ ઇન ઇન્ડિયા રમકડાંની સંપૂર્ણ રેન્જ જોવા મળી. માત્ર રમકડાં ઉત્પાદકો જ નહીં, ગ્રાહકો પણ મેડ ઇન ઇન્ડિયા રમકડાંને સમર્થન આપે છે અને ખરીદે છે. આ જ છે સાચું પરિવર્તન. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2020માં પરિવર્તનનાં બીજ રોપ્યાં હતાં. ઓગસ્ટ 2020માં તેમના માસિક રેડિયો 'શો મન કી બાત' માં વડાપ્રધાને જણાવેલું કે, "હવે 'વોકલ ફોર લોકલ'નો સમય આવી ગયો છે. તમને જાણીને નવાઈ લાગશે કે વૈશ્વિક રમકડાં ઉદ્યોગ રૂ. 7 લાખ કરોડથી વધુનો છે. આ બહુ મોટો બિઝનેસ છે, છતાં ભારતનો હિસ્સો નજીવો છે. ભવ્ય વારસો, પરંપરા, વૈવિધ્ય અને યુવા વસતિ ધરાવતા આપણા દેશનો હિસ્સો વૈશ્વિક રમકડાં બજારમાં આટલો ઓછો હોય એ સારું કહેવાય? બિલકુલ નહીં. આ સાંભળીને તમને સારું નહીં લાગે." અત્યાર સુધી ભારતીય બજારો વિદેશી રમકડાંથી ઊભરાતા હતા. પરંપરાગત અને સ્થાનિક રમકડાં બજારમાં દેખાતા જ નહોતા. સમગ્ર વિશ્વ જ્યારે કોરોના વાયરસ મહામારી સામે લડતું હતું ત્યારે ભારતે આપત્તિને અવસરમાં કઈ રીતે બદલવી તે દર્શાવ્યું અને સ્થાનિક રમકડાંએ ખૂબ ચર્ચા જગાવી. હવે ભારત તેની પ્રતિભા અને હિંમતના જોરે વિશ્વના રમકડાં બજારમાં છવાઈ જવા તૈયાર છે.

'વોકલ ફોર લોકલ'ના મંત્રએ સ્થાનિક રમકડાં અંગે વિક્રેતાઓ અને ગ્રાહકોની માન્યતા બદલી નાખી છે. આને કારણે, પરંપરાગત રમકડાંની માંગમાં વધારો થયો છે, જેમાં ટેરેકોટ્ટા, બીટલ નટ, સોપારી, લાકડું, વાંસ અને કાચબાના કવચમાંથી બનેલા રમકડાંનો સમાવેશ થાય છે. પરિવર્તનના આ પવને માત્ર હસ્તનિર્મીત જ નહીં, પણ સમગ્ર રમકડાં ઉદ્યોગ પર અસર કરી છે. ભારતમાં અનેક કુશળ કારીગરો છે, જેઓ સારાં રમકડાં બનાવવામાં નિપુણતા ધરાવે છે. ગુજરાતમાં રાજકોટ, કર્ણાટકના રામનનગરમાં ચન્નાપટના, આંધ્રપ્રદેશમાં ક્રિશ્ના જિલ્લામાં કોન્ડાપલ્લી, તામિલનાડુમાં થાંજાવુર, આસામમા ઢુબરી અને ઉત્તરપ્રદેશમાં વારાણસીને ટોય ક્લસ્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. રમકડાં ઉદ્યોગમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની સરકારની પ્રતિબધ્ધતા એના પરથી જણાઈ આવે છે કે આ ઉદ્યોગને બેઠો કરવા અને તેનું વિસ્તરણ કરવા કુલ 15 મંત્રાલયો અને વિભાગોએ સહયોગ કર્યો છે. ભારતીય રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાના નિર્ધારની આ તો માત્ર શરૂઆત છે. પણ શું અગાઉની સરકારોએ કંઇ નહોતું કર્યું? જો કર્યું હોત તો તેનું શું પરિણામ છે? આ નવી શરૂઆતનું કારણ શું છે?

### આજનાં કૌશલ્ય, ધગશ માટે પ્રાચીન સમૃધ્ધ સભ્યતા જવાબદાર

કોઇ પણ દેશનાં રમકડાં તેની સંસ્કૃતિ અને જીવનશૈલીનું પ્રતિબિંબ હોય છે. રમકડાં સાથે ભારતનો નાતો હડપ્પન સભ્યતા જેટલો જૂનો છે. ખોદકામ દરમિયાન એ સમયના રમકડાં મળી આવ્યાં હતાં, જેમાં ખૂબ વૈવિધ્યતા હતી.

આધુનિક સમયમાં પણ સંસાધનોનો અભાવ બાળકને રમકડાં અને ખુશીથી દૂર ન રાખી શકે. એટલા માટે જ બાળક જન્મે ત્યારથી જ દરેક પરિવારમાં રમકડાં અભિન્ન હિસ્સો બની જાય છે. ધનિક હોય કે ગરીબ, રમકડાં એ દરેક બાળકના જીવનનો હિસ્સો છે. માતા-પિતા

**વડાપ્રધાને જણાવ્યું કે આત્મનિર્ભર ભારતની સાથે સાથે ભારતીય રમકડાં માટે 'વોકલ ફોર લોકલ' થવાનો સમય આવી ગયો છે**



# રમકડાં બનાવીને લખમી ચાંદ અને વિજય મેહરા આત્મનિર્ભર બન્યા

દિલ્હીના લખમી ચાંદ રમકડાં બનાવવાની તેમના માતા પિતાની કામગીરીને આગળ ધપાવી રહ્યા છે. દિલ્હીના રઘુબીર નગરમાં જેજે કોલોનીના રહેવાસી એવા 55 વર્ષીય લખમી ચાંદ હાથ બનાવટની કાર બનાવે છે, જે 'ટક-ટક' તરીકે જાણીતી છે. તેમણે જણાવ્યું કે, "મારા માબાપ છેલ્લાં 43 વર્ષથી આવા રમકડાં બનાવે છે. હું પહેલેથી જ તેમને મદદ કરતો આવ્યો છું. સરકારે સ્વદેશી રમકડાંના ઉત્પાદન પર ફોકસ મૂકતા અમારા જેવા હાથ બનાવટના રમકડા ઉત્પાદકોને ચોક્કસ લાભ થશે." ખૂબ સાદા પણ આકર્ષક લાગતા ટક-ટક રમકડાં બનાવવા એટલાં સરળ નથી. તેની બનાવટ પૂરી થાય ત્યાં સુધીમાં તેનું મટિરિયલ 40 હાથોમાંથી પસાર થાય છે. કલાકારોનું કૌશલ્ય હવે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા વિશ્વભરમાં દેખાઈ રહ્યું છે."



અડગ નિર્ધાર હોય તો કોઈ પણ કામ અશક્ય નથી. આ કહેવતને સાર્થક કરતા હિમાચલ પ્રદેશના કાંગરા જિલ્લાના વિજય મહેરા રમકડાં બનાવવાની મૃતઃપ્રાય કળાને જીવંત કરી રહ્યા છે. વાંસમાંથી રમકડાં બનાવીને તેઓ આત્મનિર્ભર બની રહ્યા છે એટલું જ નહીં, પણ અન્યોને સ્વરોજગાર મેળવવામાં પણ મદદ કરી રહ્યા છે. મહેરા કહે છે, "વાંસ સરળતાથી ઉપલબ્ધ છે. આ રમકડાંના વેચાણથી વળતર પણ સારું મળે છે. મેં અત્યાર સુધી 150 લોકોને મદદ કરી છે."



તેમના સંતાનોને પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે મોંઘા કે કિફાયતી રમકડાં લાવી આપે છે. ભારતભરમાં રમકડાં એ જીવનનું મહત્વનું પાસું છે અને પરંપરા પણ. આજે પણ, બાળકો માટે તેમનાં રમકડાં વગર તહેવારોની ઉજવણી અધૂરી છે. દક્ષિણ ભારતમાં દશેરાના તહેવારમાં 'બોમ્માલા કોલુવુ' (રમકડાંનો દરબાર)ની ઉજવણી કરવામાં આવે છે, જેમાં ઢીંગલીઓ, પૂતળીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. વિવિધ થીમના આધારે રમકડાં પ્રદર્શિત કરવામાં આવે છે. આ દરેક ઢીંગલી ગ્રામીણ કલાકારો દ્વારા બનાવવામાં આવે છે, જેમાં માટી અથવા લાકડાંનો ઉપયોગ થાય છે. ઢીંગલીઓને ભપકાદાર રંગોથી રંગવામાં આવે છે.

ટોય એસોસિએશન ઓફ ઈન્ડિયાની ટેકનિકલ કમિટીના કન્વીનર મનુ ગુપ્તા જણાવે છે કે, "ભારત વિશ્વનો એક માત્ર એવો દેશ છે જે પરંપરાગત રમકડાંના 'જીઆઈ' ટેગ્સ સાથેના 12 ક્લસ્ટર ધરાવે છે. આ સાથે ભારતમાં પરંપરાગત ટોય ક્લસ્ટરની સંખ્યા વધીને 20 થઈ છે. ભારતના રમકડાંનો ઈતિહાસ 5,000 વર્ષથી પણ જૂનો છે. એને કારણે રમકડાં ઉત્પાદકોએ સંગઠિત થવાનું મહત્વ વધી ગયું છે."

**ભારતીય રમકડાં 5,000 વર્ષથી પણ જૂનો ઈતિહાસ ધરાવે છે. તેમ છતાં, વૈશ્વિક બજારમાં ભારતનું પ્રદાન નગણ્ય છે**

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, તેનાં રમકડાંમાં દેશની ભાતીગળ સંસ્કૃતિની ઝલક વર્તાય છે. ઉત્તર હોય કે દક્ષિણ હોય કે પૂર્વોત્તર હોય. દરેક પ્રદેશના રમકડાંમાં સ્થાનિક પરંપરારનું પ્રતિબિંબ વ્યક્ત થાય છે.

# કુમળા બાળકોની સંભાળ જરૂરી

- 2009-10માં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટે મોટી બ્રાન્ડના રમકડાંનો અભ્યાસ હાથ ધર્યો હતો, જેમાં જાણવા મળ્યું કે આયાતી રમકડાંમાં આરોગ્ય માટે નુકસાનકારક થેલેટસ નામનું ઝેરી રસાયણ હોય છે
- અહેવાલ પ્રમાણે, પ્લાસ્ટિકના રમકડાંને મુલાયમ બનાવવા માટે આ રસાયણનો ઉપયોગ થાય છે. જો કે, આ રસાયણ ઝેરી હોય છે, ખાસ કરીને ત્રણ વર્ષની નીચેની વયના બાળકો માટે આ ખૂબ જોખમી છે
- અમેરિકા અને બ્રિટનમાં થેલેટસના ઉપયોગ પર પ્રતિબંધ છે. બાળક આવા રમકડાં મોઢામાં નાખે તો રિપ્રોડક્ટિવ ડિસઓર્ડર, અસ્થમા અને એલર્જી થઈ શકે છે
- 2007માં અમેરિકન કંપની મેટલે બનાવેલા આઠ લાખ રમકડાં પાછા ખેંચવામાં આવ્યા હતા કારણ કે તેમાં લીડ પેઈન્ટનું વધુ પડતું પ્રમાણ હતું, જે બાળકો માટે નુકસાનકારક છે
- આ પ્રકારની અનેક ઘટનાઓના અહેવાલો પ્રસિધ્ધ થયા હતા. જો કે, તે સમયની સરકારોએ પૂરતા પગલાં લીધા નહોતાં
- પરિણામો દર્શાવે છે કે આવાં રમકડાં બાળકોની ચામડીને ઇજા અને નુકસાન પહોંચાડી શકે છે. માત્ર 33 ટકા રમકડાં જ પરિક્ષણમાં ખરા ઉતર્યા હતા



- 2019માં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) એ એનસીઆર (નેશનલ કેપિટલ રિજન)માં ઉપલબ્ધ રમકડાંની 122 વેરાઈટીનું પરિક્ષણ કર્યું હતું
- કેટલાંક રમકડાં થેલેટસ, હેવી મેટલ્સ વગેરેનાં સ્વીકાર્ય પ્રમાણ અંગેના સલામતી ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા



**41.3 %** સેમ્પલ્સ મિકેનિકલ તપાસમાં નિષ્ફળ

**3.3 %** સેમ્પલ્સ થેલેટસના સ્વીકાર્ય પ્રમાણમાં નિષ્ફળ

**12.4 %** સેમ્પલ્સ મિકનિકલ અને થેલેટ્સની તપાસમાં નિષ્ફળ

**7.4 %** સેમ્પલ્સ જ્વલનશીલતા પરિક્ષણમાં નિષ્ફળ

**2.5%** સેમ્પલ્સ મિકેનિકલ અને જ્વલનશીલતા પરિક્ષણમાં નિષ્ફળ

ક્યુસીઆઈએ આ રમકડાંની મિકેનિકલ અને ફિઝિકલ સેફ્ટી પ્રોપર્ટી અને હેવી મેટલ્સની હાજરી અંગે પરિક્ષણ કર્યું હતું

અભ્યાસના પરિણામોએ દર્શાવ્યું કે આ રમકડાંમાં નુકસાનકારક કેમિકલ્સ હતા

## મહત્વાકાંક્ષાઓને પાંખો આપી

ભારતીય રમકડાંની સમૃધ્ધ પરંપરા અને ભારતીય ગૌરવને એક મંચ પૂર પાડવાની દિશામાં કેન્દ્ર સરકારે પગલું ભર્યું છે. ભારતીય રમકડાંમાં ઇનોવેશનની સાથે સાથે સંસ્કૃતિને જોડીને રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભરતા દ્વારા વિશ્વમાં અગ્રેસર બનાવવા એક મહિના સુધી ટોયકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ફેબ્રુઆરીમાં ભારતના પ્રથમ ટોય ફેરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેરની સફળતા એ હકીકત પરથી મૂલવી શકાય કે કાનપુર હોય કે રાજસ્થાન, આ મેળાએ રમકડાં ઉત્પાદન સાથે સંકળાયેલા લોકોને નવી આશા આપી છે. રાજસ્થાનના રાજેન્દ્ર કુમ્હાર કહે છે કે, “આ પહેલથી દેશભરના સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે. આત્મનિર્ભર ભારત અને ‘વોકલ ફોર લોકલ’ જેવા પગલાંથી પરંપરાગત રમકડાં ઉત્પાદકોને લાભ


# વૈશ્વિક રમકડાં ઉદ્યોગમાં ભારતનું પ્રદાન

**85%**
વૈશ્વિક નિકાસમાં ચીનનો હિસ્સો. ઇયુ બીજા ક્રમે છે

**₹7 લાખ કરોડ**
વૈશ્વિક રમકડાં ઉદ્યોગનું કદ, જે 2025 સુધીમાં રૂ. 9.5 લાખ કરોડે પહોંચવાનો અંદાજ

**0.5 ટકા**
વૈશ્વિક રમકડાં ઉદ્યોગમાં ભારતનો હિસ્સો-માત્ર રૂ. 45 કરોડ

- દર વર્ષે ભારતમાં રૂ. 3500 કરોડથી રૂ. 4500 કરોડની કિંમતના રમકડાં વેચાય છે. તેમાં સ્વદેશી રમકડાંનો હિસ્સો માત્ર 15 ટકા જ છે, બાકીનાંની આયાત થાય છે
- લેગો અને મેટલ વૈશ્વિક સ્તરની સૌથી મોટી બ્રાન્ડ્સ કહેવાય છે. કેટલીક ટોચની ટોય બ્રાન્ડ્સ ચીનમાં પોતાના પ્લાન્ટ્સ ધરાવે છે
- વૈશ્વિક રમકડાં બજાર પાંચ ટકાના દરે અને ભારતીય બજાર 10-15 ટકાના દરે વૃધ્ધિ કરે તેવો અંદાજ છે. વૃધ્ધિના આ અંદાજને જોતાં, ભારત વૈશ્વિક ઉદ્યોગમાં તેનો હિસ્સો વધારે તે સમય આવી ગયો છે




**કેન્દ્ર સરકાર વૈશ્વિક રમકડાં બજારમાં ભારતનો હિસ્સો 2024 સુધીમાં વધારીને રૂ. 2800 કરોડ કરવાનો લક્ષ્ય ધરાવે છે**

થશે. ભારત માટે આ મહત્વનું છે કારણ કે આપણા પરંપરાગત રમકડાં દ્વારા પરંપરા અને સંસ્કૃતિનું રક્ષણ કરી શકાશે. આપણે દેશને વિદેશી રમકડાંથી બચાવવાનો છે." ઇન્દોરના રમકડાં ઉત્પાદક જીતેન્દરને પણ આ ટોય ફેરે આશા આપી છે. રમકડાં બનાવવા રિસાઇકલ્ડ ચામડાંનો ઉપયોગ કરતા જીતેન્દર કહે છે, ટોય ફેરે તેમના જેવા કલાકારને તેમની પ્રતિભા દર્શાવવા મંચ પૂરો પાડ્યો છે અને સ્થાનિક ચીજોને મુખ્ય ધારામાં લાવવા માટેનો આ અસરકારક માર્ગ હતો.

### તંદુરસ્ત બાળપણ માટે દેશી રમકડાં

રમકડાં બાળકને ખૂબ પ્રિય હોય છે અને તેને રમતાં રમતાં ઘણું બધું શીખવે છે. દરેક મા-બાપ પોતાનાં બાળકને બહુ રમકડાં લાવી આપે છે. પણ વિટંબણા એ છે કે વિદેશી રમકડાંથી ઉભરાતા બજારમાં ભારતીય રમકડાં ગુમ થઈ ગયા છે. આ આયાતી રમકડાં ભારતીય રમકડાં ઉદ્યોગની સાથે સાથે બાળકનાં આરોગ્ય માટે પણ જોખમી છે. ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (QCI)ના સર્વેમાં આશરે 67 ટકા આયાતી





## ઉત્તરપ્રદેશ



વારાણસી પરંપરાગત રમકડાં માટે જાણીતું છે. સહારનપુર અને ગ્રેટર નોઇડા આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણેનાં રમકડાં બનાવવા તૈયાર છે

વારાણસી | ગ્રેટર નોઇડા | સહારનપુર



## મધ્યપ્રદેશ



ઇન્દોરમાં 1,000 એકર જમીન ફાળવાઈ, બુદનીને ભોપાલની નજીક હોવાનો લાભ મળશે

ઇન્દોર | ભોપાલ | બુદની



## આંધ્રપ્રદેશ



એટીકોપ્પકા અને કોંડપલ્લી લાકડાંના રમકડાં માટે જાણીતા છે, જેમાં ગ્રામીણ ભારતની ઝલક દેખાય છે

એટીકોપ્પકા | કોંડપલ્લી | કડપ્પા



## ગુજરાત



વેપારી કુનેહ માટે જાણીતું સમૃધ્ધ ગુજરાત રમકડાં ઉત્પાદનનું હબ બનવા સજ્જ

પાટણ | સાગરપુર



## બિહાર



સિક્કી ઘાસમાંથી બનતા રમકડાંની વિશેષ ઓળખ છે

દરભંગા | સિક્કી



## તેલંગાણા

400 વર્ષ જૂની પરંપરા, નરમ લાકડાંમાંથી બનતા પ્રાણી અને પક્ષીના રમકડાં નિર્મલ નામે જાણીતા

નિર્મલ



## લડાખ



કેન્દ્રશાસિત પ્રદેશ લડાખમાં ટોય ક્લસ્ટર હોવાથી સરકાર અહીંના સ્થાનિક રમકડાંને વૈશ્વિક ઓળખ આપવા તૈયાર છે

લડાખ



## પુડુચેરી

પુડુચેરીના પ્રાકૃતિક રમકડાં વૈશ્વિક પ્રસિદ્ધિ માટે સજ્જ. અહીંના પરંપરાગત રમકડાંમાં પ્રાથમિક મટિરિયલ તરીકે માટીનો ઉપયોગ થાય છે

પુડુચેરી



## હિમાચલ પ્રદેશ

પ્રસિધ્ધ પર્યટક સ્થળ હિમાચલ પ્રદેશના રમકડાંને પણ વૈશ્વિક પ્રસિદ્ધિ મળશે

શિમલા




## ત્રિપુરા

વાંસમાંથી બનેલા રમકડાં ત્રિપુરાની ખાસિયત છે

અગરતલા





## રાજસ્થાન



રાજસ્થાનના લાખના રમકડાં અને કઠપુતળી વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. તેનું ઉત્પાદન વધારવા પર ફોકસ છે

ચિત્તોડગઢ | ઉદેપુર | કઠપુતલીનગર



## નાગાલેન્ડ

સાંસ્કૃતિક રીતે સમૃધ્ધ નાગાલેન્ડ હવે રમકડાં ઉત્પાદન દ્વારા નવી કહાની લખશે

નાગાલેન્ડ



## ઝારખંડ

ઝારખંડના લાકડાના અને માટીના રમકડાં વૈશ્વિક ધ્યાન આકર્ષવા માટે તૈયાર છે

ધનબાદ



## કર્ણાટક



ચન્નપટના ભારતનું પ્રથમ ટોય ક્લસ્ટર હતું. અહીંના રમકડાં વિશ્વભરમાં જાણીતા છે


ચન્નપટના | કિન્હલ



## કેરળ

કેરળની વેપાર રાજધાની તરીકે જાણીતું અર્નાકુલમ હવે રમકડાં ઉત્પાદન હબ તરીકે પણ ઓળખાશે

અર્નાકુલમ




## ઓડિશા

મયુરભંજ બ્રાસ અને મેટલ હેન્ડીક્રાફ્ટ માટે જાણીતું છે. હવે તેને ટોય હબ તરીકે પણ વિકસાવવામાં આવશે

મયુરભંજ




## સિક્કીમ



સિક્કીમની 60 વર્ષ જૂની સોફ્ટ ટોય્ઝ પરંપરા હવે વિશ્વભરમાં ધ્યાન આકર્ષક બનશે

## મહારાષ્ટ્ર

સાવંતવાડી



આ વિસ્તારના લાકડાંના રમકડાં લોકપ્રિય છે. ટોય ક્લસ્ટર બનવાથી નવી રોજગારીનું સર્જન થશે

## આસામ



આસામ ટેડી બિયર ઉત્પાદનનું હબ છે. ટોય ક્લસ્ટરને કારણે ઉદ્યોગને નવી ઓળખ મળશે

## તામિલનાડુ

થાંજાવુર



થાંજાવુર ડોલ્સ ડાન્સિંગ ડોલ્સ (માથું હલાવતી) તરીકે પણ જાણીતી છે. બાળકોને આ ઢીંગલી ખૂબ ગમે છે

# સરકારની પહેલ

- ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ તથા વાણિજ્ય મંત્રાલયના ડેટા પ્રમાણે ભારતમાં 400 એમએસએમઇ રમકડાંના ઉત્પાદન સાથે સંકળાયેલા છે. આમાંથી, 75 ટકા સુક્ષ્મ, 22 ટકા લઘુ અને મધ્યમ અને ત્રણ ટકા એકમો મોટાં છે.
- સરકાર બે રીતે પહેલ કરી રહી છે. પ્રથમ, સ્થાનિક રમકડાં ઉદ્યોગને સુધારવો અને બીજી, તેમને વાજબી બજાર પુરું પાડવું, જેથી તેઓ સ્થાનિક બજારમાં વિદેશી રમકડાં સામે સ્પર્ધાનો સામનો કરી શકે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ભારતમાં પ્રથમ વાર ટોયકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. એ પછી 27 ફેબ્રુઆરીથી 4 માર્ચ દરમિયાન દેશના પ્રથમ ટોય ફેરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- રમકડાંથી બાળકના આરોગ્યને નુકસાન ન થાય તે માટે બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) પ્રમાણપત્ર ફરજિયાત કરવામાં આવ્યું. દેશમાં નિર્મિત હેન્ડીક્રાફ્ટ્સ અને 'જીઆઇ' ટોય્ઝને આ પ્રમાણપત્રમાંથી મુક્તિ આપવામાં આવી છે
- વિદેશી રમકડાં પરની આયાત જકાત વધારવામાં આવી છે. આનાથી સ્થાનિક સ્તરે ઉત્પાદિત રમકડાં ઉદ્યોગને રક્ષણ મળશે.



રમકડાં નિષ્ફળ ગયા હતા. ભારતીય બજારમાં વેચાતા 85 ટકા રમકડાં આયાતી હોય છે, જેમાંથી મોટા ભાગનાં પડોશી દેશોમાંથી આવે છે. અહેવાલ પ્રમાણે, 45 ટકા સોફ્ટ ટોય્ઝ થેલેટસના સ્વીકાર્ય પ્રમાણનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા. થેલેટસથી કેન્સર થાય છે. અહેવાલમાં એમ પણ જણાવાયું હતું કે, આયાતી રમકડાંમાં આર્સેનિક અને લેડ જેવા ઝેરી હેવી મેટલ્સ હોય છે. આ સ્થિતિમાં પરંપરાગત રમકડાં આપણી સંસ્કૃતિની જાળવણી માટે જ નહીં, પણ પર્યાવરણનાં જતન અને બાળકોના આરોગ્ય માટે પણ ખૂબ મહત્વનાં છે.

### ભારતીય રમકડાં વૈશ્વિક બજારમાં ધમાકો કરવા સજ્જ

આજની તારીખમાં વૈશ્વિક રમકડાં બજાર રૂ. સાત લાખ કરોડથી વધુ મૂલ્યનું છે પણ તેમાં ભારતનો હિસ્સો માત્ર 0.5 ટકા જ છે. 2025 સુધીમાં આ બજાર રૂ. 9.50 લાખ કરોડે પહોંચવાની ધારણા છે. ભારત તેની માગના 85 ટકા રમકડાં આયાત કરે છે, જ્યારે સ્થાનિક રમકડાંનો હિસ્સો માત્ર 15 ટકા જ છે. વિશ્વમાં 14 વર્ષથી નીચેની વયના બાળકોની કુલ વસતિમાં ત્રીજો હિસ્સો ભારતનો હોવાથી સ્થાનિક પ્રોડક્ટ્સનું પ્રદાન હોવું મહત્વનું છે.

સ્થાનિક ઉત્પાદકો માટે આટલી મોટી વસતિ પડકારની સાથે સાથે તક પણ છે. ભારતીય રમકડાં ઉત્પાદકોમાં વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો વધારીને રૂ. 2800 કરોડ સુધી લઈ જવાની ક્ષમતા છે. ભારતીય રમકડાં બજારને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે આત્મનિર્ભર ભારતની સાથે સાથે 'વોકલ ફોર લોકલ'નો મંત્ર પણ મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે.

## સરકારનું ફોકસ આ નવ પ્રકારનાં રમકડાં પર





### ભારતનો પ્રથમ ટોય ફેર અને ટોયકાથોન

ભારતીય રમકડાં ઉદ્યોગને બેઠો કરવો જોઇએ તેની પાછળ અનેક કારણો છે. રમકડાંનું મહત્વ સમજીને સરકારે સ્થિતિ સુધારવા પર કામ શરૂ કર્યું. સરકારે અનેક ક્રાંતિકારી પગલાં ભર્યા, જેમાં રમકડાંના કારીગરો અને ઉદ્યોગને તેમની પ્રતિભા અને કળા દર્શાવવા મંચ પૂરો પાડવાનો પણ સમાવેશ થાય છે.

ભારતને રમકડાં માટેનાં વૈશ્વિક હબ તરીકે વિકસાવવા માટે ટોય ફેરનું આયોજન કરવામાં આવ્યંપ હતું. તેમાં ગ્રાહકો, વિક્રેતાઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ડિઝાઇનર્સ એમ તમામ હિસ્સેદારોને એક મંચ પર લાવીને રમકડાં ઉદ્યોગના એકંદર વિકાસ માટે જોડાણ પુરું પાડીને આદાનપ્રદાન કરવાની તક આપવામાં આવી હતી. ભારતને વૈશ્વિક બજાર માટે તૈયાર કરવાનો પણ આ ટોય ફેરનો આશય હતો. 27 ફેબ્રુઆરીથી 4 માર્ચ દરમિયાન યોજાયેલા ભારતના પ્રથમ ટોય ફેરમાં 1200 પ્રદર્શકોએ ભાગ લીધો હતો. પ્રારંભમાં ટોય ફેર 2 માર્ચ સુધી હતો, જેને લોકપ્રિય માગને પગલે બે દિવસ લંબાવવામાં આવ્યો હતો. 2021માં સરકારે ટોયકાથોનનું પણ આયોજન કર્યું. 5 જાન્યુઆરીથી 25 ફેબ્રુઆરી દરમિયાન આયોજિત ટોયકાથોનનો હેતુ ભારતીય મૂલ્ય પ્રણાલિ પર આધારિત ઇનોવેટિવ રમકડાં બનાવવા પ્રોત્સાહિત કરવાનો હતો, જે બાળકોમાં સકારાત્મક વર્તન અને સારા મૂલ્યોનું સંચય કરે. 12 લાખથી વધુ યુવાનો, શિક્ષકો અને નિષ્ણાંતોએ ટોયકાથોન માટે નોંધણી કરાવી હતી. 7,000થી વધુ નવા વિચારો પર ચર્ચા થઈ હતી.

## "રમકડાં બાળકને ખુશીની અનંત દુનિયામાં લઈ જાય છે... ભારતીય રમતગમત અને રમકડાંની એ ખાસિયત છે કે તેમાં જ્ઞાન, વિજ્ઞાન, મનોરંજન અને મનોવિજ્ઞાન હોય છે"

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





આત્મનિર્ભર બનવાની દિશામાં હરણફાળ ભરતા શિક્ષણ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, કાપડ મંત્રાલય, વાણિજ્ય મંત્રાલય, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME) મંત્રાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને સંયુક્ત રીતે ટોયકાથોન-2021નો પ્રારંભ કર્યો હતો.

આ એક અનોખા પ્રકારનો હેકાથોન હતો, જેમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, ડિઝાઈન નિષ્ણાતો અને સ્ટાર્ટઅપ એક મંચ પર ઉપસ્થિત રહ્યા હતા અને ભારતીય મૂલ્ય પ્રણાલિ, સંસ્કૃતિ, નૈતિક વિચારો, સ્થાનિક કળા કારીગરી અને લોકકથાઓ પર આધારિત રમકડાં અને ગેમ્સ બનાવવા મુદ્દે ચર્ચા કરી હતી.

આ ફેર અનોખા પ્રકારનો હતો, જેમાં તમામ વયના બાળકો રમતાં રમતાં શીખી શકે તેવાં રમકડાં બનાવવાની સંભાવના ચકાસવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ ફેરમાં ઈલેક્ટ્રોનિક રમકડાંની સાથે સાથે આનંદપ્રમોદ, વિજ્ઞાન, આધુનિક અને સ્થાનિક શૈક્ષણિક રમકડાં રજૂ કરવામાં આવ્યા હતા. આવા રમકડાં ભારતમાં જ બને અને વિદેશમાં જાય તે માટે નિષ્ણાતો પાસેથી એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે કેવાં રમકડાં બાળકોનાં મગજના વિકાસમાં યોગદાન આપે છે. રમત રમતમાં શીખવા પ્રોત્સાહન આપવા માટે સેમિનાર અને વેબિનાર થયા હતા. તેમાં રોકાણકારો, આયાતકારો, સ્થાનિક ઉદ્યોગપતિઓ અને એમએસએમઈએ ભાગ લીધો હતો. કુલ 1,000થી વધુ ભારતીય કંપનીઓએ ભાગ લીધો હતો. તેમણે વિશ્વ સમક્ષ રમકડાં બનાવવાની ભારતની સદીઓ જૂની કલાકારી દર્શાવી હતી.

### રમકડાં પર મંથન

રમકડાં બાળકોનાં સપનાઓને પાંખો આપે છે. રમકડાં બાળકોનું મનોરંજન આપવાની સાથે સાથે મગજનો વિકાસ




# હવે, ડિજિટલ ગેમ્સમાં આત્મનિર્ભરતા પર ફોકસ

તમને યાદ હશે કે 'પરિક્ષા પે ચર્ચા' દરમિયાન એક માતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેના પુત્રને ડિજિટલ ગેમ્સની લત લાગી હોવા અંગે સવાલ કર્યો હતો. વડાપ્રધાને પૂછ્યું કે, "પબજી વાળો છે કે શું? આ મુદ્દો સમસ્યાની સાથે સાથે સમાધાન પણ છે. આપણે બાળકોને ટેકનોલોજીથી દૂર ન રાખી શકીએ. તેથી, બાળકો 'પ્લે-સ્ટેશન' છોડીને 'પ્લે-ફિલ્ડ' (રમતનું મેદાન)માં જાય એ વધુ સારું."

બાળકોમાં ડિજિટલ ગેમ્સનું વળગણ અને બાળકોને તેની લતને સમજવા માટેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. જો કે, વિટંબણા એ છે કે 98થી 99 ટકા ડિજિટલ અને વર્ચ્યુઅલ રિયાલિટી ગેમ્સ વિદેશથી આયાત થાય છે. તેથી, સરકાર ભારતને ડિજિટલ ગેમિંગ સેક્ટરમાં આત્મનિર્ભર બનાવવા અને વૈશ્વિક બજારમાં તેની હાજરી મજબૂત કરવા રમકડાં ઉદ્યોગ સાથે કામ કરી રહ્યું છે. વડાપ્રધાનની પહેલથી ફેબ્રુઆરી 2020માં કમિટીની રચના કરવામાં આવી હતી. આ નિષ્ણાત સમિતિમાં ડો. પરાગ મનકીકર, ડો. ઉન્નત પંડીત, પંકજ સપકલ, ડો. આરતી પ્રકાશ અને અવિ દાસનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કમિટીના એક સભ્ય ડો. પરાગે જણાવ્યું કે, "આ નવી ડિજિટલ ગેમ્સ બાળકોને ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિને સમજવામાં મદદ કરશે. આપણે કેન્ડી ક્રશ સાગા જેવી ગેમ્સ સામે વૈશ્વિક બજારમાં પગપેસારો કરી શકીશું."

ડો. ઉન્નત પંડીતે જણાવ્યું કે, "સરકારની પહેલ સમયની તાતી જરૂર હતી. આ ક્ષેત્રમાં ઝડપથી કામ કરવાની જરૂર છે. જે રીતે આપણે ઈનોવેશનની મદદથી વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની રહ્યા છીએ, તેને જોતાં ડિજિટલ ગેમ્સમાં પણ આવું જ ફોકસ કરવું જોઈએ." ■



## આ શા માટે જરૂરી છે?

ભારતમાં ડિજિટલ ગેમ માર્કેટ પર ઊડતી નજર



કુલ વપરાશકાર **26.36** કરોડ



કુલ કમાણી **81.78** કરોડ

## સરકારની નજર ત્રણ શક્યતા પર...

- **પૌરાણિક કથાઓ પર આધારિત ગેમ્સ:** વિશ્વભરમાં રમાતી ડિજિટલ ગેમ્સ હિંસક હોય છે. આવી ગેમ્સમાંથી તેમને કંઇ શીખવા મળતું નથી અને તેની લત લાગી જાય છે. ભારત પંચતંત્ર સહિતની પૌરાણિક કથાઓની લાંબી પરંપરા ધરાવે છે. આવી કથાઓ પર આધારિત ગેમ્સ બનાવવામાં આવે તો બાળકોને કંઇક નવું શીખવાનું મળશે
- **નૈતિક મૂલ્યો પર આધારિત ગેમ્સ:** ભારત જેવો દેશ સંસ્કૃતિ અને સભ્યતાનો એક લાંબો અધ્યાય ધરાવે છે. તેથી, બાળકોમાં નૈતિક મૂલ્યોનો સંચાર થાય તેવી ડિજિટલ ગેમ્સ વિકસાવવી જોઇએ. અમેરિકા અને યુરોપે આવું શરૂ કરી દીધું છે. ત્યાંની 500થી વધુ શાળાઓ બાળકોને વાસ્તવિક જીવનની રમતો સાથે સંકળાયેલા એસાઇનમેન્ટ્સ આપે છે. તેનાથી બાળકોને કંઇક નવું અને સારું શીખવામાં મદદ મળે છે
- **વર્ચ્યુઅલ રિયાલિટી ગેમ્સ:** વિવેકાનંદ, વીર સાવરકર અને શિવાજીને વર્ચ્યુઅલ રિયાલિટી ગેમ્સના પાત્રો બનાવવામાં આવે અને વાસ્તવિક જીવનમાં તેમના કાર્યોને આ ગેમમાં 'ટાસ્ક' તરીકે ઉમેરવામાં આવે તો બાળકો તેમનાં વિષે ઘણું જાણી અને શીખી શકશે

### આ રીતે શરૂઆત થશે

- ભારતમાં સોફ્ટવેર અને ગેમિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોની કૌશલ્ય ક્ષમતાને પ્રોત્સાહન આપીને
- ડિજિટલ અને વર્ચ્યુઅલ રિયાલિટી ગેમ્સના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સને પ્રારંભમાં તાલીમ અને જરૂરી મદદ કરીને પ્રોત્સાહન આપીને
- આઇઆઇટી બોમ્બેની મદદથી ડિજિટલ ગેમ્સ, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, એનિમેશન અને કોમિક્સ માટે 'નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ' સ્થાપવામાં આવી રહ્યું છે
- ડિજિટલ ગેમિંગ ઉદ્યોગ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરીને

# સાત દાયકાથી ઉપેક્ષિત ભારતના રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાનો સમય

27 ફેબ્રુઆરીનાં રોજ ભારતના પ્રથમ ટોય ફેરનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની સંસ્કૃતિ અને સમાજમાં રમકડાંનું મહત્વ જણાવ્યું હતું. તેમણે ભારતના રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવા હાકલ કરી હતી. ભાષણનાં મહત્વનાં મુદ્દા આ પ્રમાણે છેઃ

- ભારતનો પ્રથમ ટોય ફેર માત્ર વેપારી કે આર્થિક કાર્યક્રમ નથી. આ કાર્યક્રમ રમતગમત અને મનોરંજનની સદીઓ જૂની ભારતીય સંસ્કૃતિને મજબૂત કરવાની કડી છે
- રમકડાં સાથે ભારતનો સર્જનાત્મક સંબંધ આ દેશના ઈતિહાસ જેટલો જ જૂનો છે. વિશ્વએ સિંધુ ખીણની સભ્યતા, મોહેંજો-દડો અને હડપ્પન કાળ દરમિયાન મળી આવેલાં રમકડાં પર સંશોધન કર્યું છે. પ્રાચીન સમયમાં વિશ્વભરના યાત્રીઓ ભારત આવતા ત્યારે તેઓ તેમની સાથે રમતો પણ લાવતા. ચેસની રમત વિશ્વભરમાં લોકપ્રિય છે, જે અગાઉ ભારતમાં 'ચતુરંગા' અથવા 'ચાદુરંગા' તરીકે જાણીતી હતી.
- હું દેશના રમકડાં ઉત્પાદકોને પર્યાવરણ અને માનસિક વિકાસ માટે લાભદાયક હોય તેવા રમકડાં બનાવવા અપીલ કરું છું. રમકડાંમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરો. રિસાઇકલ કરી શકાય તેવી ચીજોનો ઉપયોગ કરો.
- નવી શિક્ષણ નીતિમાં રમત આધારિત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેનાથી બાળકોની તર્ક શક્તિ અને સર્જનાત્મકતા વિકસે.
- ભારત રમકડાંની પરંપરા અને ટેકનોલોજી ધરાવે છે. ભારત પાસે કલ્પના પણ છે અને તેના પર અમલ કરવાની ક્ષમતા પણ છે. આપણે વિશ્વને ઈકો-ફ્રેન્ડલી રમકડાં તરફ પાછા લઈ જઈ શકીએ છીએ.
- સાત દાયકાથી ભારતના રમકડાં વારસાની અને કલાકારોની અવગણના કરવામાં આવી હતી. આને કારણે વિદેશી રમકડાં ભારતીય બજારમાં અને આપણા ઘરોમાં ઘુસી ગયા.
- ભારતીય બાળકો દેશ માટે લડનારા આપણા નાયકો કરતાં વિદેશી કલાકારો અંગે વધુ જાણે છે. આ વિદેશી રમકડાંઓએ આપણા સ્થાનિક વેપારનો ખતમ કરી દીધો છે




- આપણા રમકડાંમાં બાળકો માટે મૂલ્યો અને શિક્ષણ હોવું જોઇએ અને તેની ગુણવત્તા પણ આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણેની હોવી જોઇએ. આ દિશામાં ભારતે અનેક મહત્વના પગલા લીધાં છે. ગયા વર્ષથી ગુણવત્તા પરિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. આયાતી રમકડાંની દરેક બેચનું સેમ્પલ પરિક્ષણ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.
- ભારતે રમકડાં ઉદ્યોગને 24 મોટાં સેક્ટર્સમાં ગ્રેડ આપ્યા છે. 'નેશનલ ટોય એક્શન પ્લાન' પણ તૈયાર કરવામાં આવ્યો છે. રમકડાં ઉદ્યોગને સ્પર્ધાત્મક અને આત્મનિર્ભર બનાવવા માટે તથા ભારતના રમકડાંને વિશ્વ સમક્ષ લઈ જવા માટે એક્શન પ્લાનમાં 15 મંત્રાલયો અને વિભાગાનો સામેલ કરવામાં આવ્યા છે

વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો

કરે છે અને ઈરાદા મજબૂત કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમકડાં અંગે ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરના શબ્દોને યાદ કરતાં જણાવ્યું કે, ગુરુદેવે કહેલું કે, "સારું રમકડું એ હોય છે જે સંપૂર્ણ ન હોય, જેથી બાળક રમી રમીને તેને પુરું કરે." ગુરુદેવે એમ પણ કહેલું કે તેઓ નાના હતા ત્યારે ઘરમાં ઉપલબ્ધ મટિરિયલમાંથી પોતાની કલ્પના પ્રમાણે જાતે રમકડાં બનાવતા હતા. સુંદર દેખાતા વિદેશી રમકડાંમાં શીખવા જેવું કશું હોતું નથી. તેથી ગુરુદેવ કહેતા હતા કે રમકડાં એવાં હોવા જોઇએ જે બાળકની અંદરના બાળપણને બહાર લાવે, તેની રચનાત્મકતા સામે લાવે. રમકડાં એવાં હોવા જોઇએ જેની હાજરીમાં બાળપણ ખીલી ઉઠે. ભારતમાં એવાં રમકડાં બનાવવા જોઇએ જે પર્યાવરણ માટે અનુકુળ હોય. નવી શિક્ષણ નીતિમાં બાળકના જીવનના વિવિધ પાસા પર રમકડાંની અસર પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. રમતાં રમતાં શિક્ષણ, રમકડાં બનાવતા શીખવું, રમકડાંની ફેક્ટરીની મુલાકાત આ બધી બાબતોને અભ્યાસક્રમનો ભાગ

## પચીસી



ભારત પરંપરાગત રમતગમતનો ભવ્ય વારસો ધરાવે છે. અહીં રમાતી રમતથી મનોરંજન મળવાની સાથે સાથે માનસિક ક્ષમતા વિકસે છે અને શરીર પણ તંદુરસ્ત બને છે. આવી જ એક રમત છે પચીસી. આ ગેમને તામિલનાડુમાં 'પલ્લાન્ગુલ્લી', કર્ણાટકમાં 'અલી ગુલી મણે' અને આંધ્રપ્રદેશમાં 'વામન ગૂંટલુ' તરીકે ઓળખવામાં આવે છે. કહેવાય છે કે આ રમત દક્ષિણ ભારતમાંથી દક્ષિણ પૂર્વ એશિયામાં ફેલાઇ અને ત્યાંથી સમગ્ર વિશ્વમાં તેનું ચલણ વધ્યું.

## આંધ્રપ્રદેશના એટીકોપ્પ રમકડાં



આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના એટીકોપ્પમાં બનતાં લેકર કોટેડ લાકડાંના રમકડાં ખૂબ લોકપ્રિય છે. 400થી પણ વધુ વર્ષનો ઇતિહાસ ધરાવતી રમકડાં બનાવવાની આ કળા 'લક્કપીડાથુલુ' તરીકે પણ જાણીતી હતી. લાકડાંનાં આ રમકડાં સ્ટાઇલિશ અને કેમિકલ ફ્રી હોવાની સાથે સાથે ટકાઉ પણ છે. તે ભારત ઉપરાંત વિદેશના બજારોમાં પણ લોકપ્રિય છે. એટીકોપ્પ રમકડાંને 2017 જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન રજીસ્ટ્રી (GIR) તરફથી 'જીઆઇ' ટેગ આપવામાં આવ્યું હતું.

બનાવવામાં આવ્યો છે. તેનો હેતુ બાળકોને ભારતની રમકડાંની ભવ્ય પરંપરાથી માહિતગાર કરવાનો છે.

### પરંપરા અને આધુનિકતાનું મિશ્રણ

પરંપરા અને ટેકનોલોજીનો સમન્વય કરીને એનિમેશન દ્વારા બાળકો સુધી લોકકથાઓ પહોંચાડવામાં આવી રહી છે. આનાથી બાળકો માટે ભણવું સરળ બનવાની સાથે સાથે ભારતની સમૃધ્ધ પરંપરા અને સંસ્કૃતિ સમજવામાં પણ મદદ મળે છે. ભારતીય બજાર આયાતી રમકડાંથી ઊભરાઇ રહ્યું છે. આ આયાતી રમકડાં રૂપકડાં હોય છે પણ બાળકોને તેમાંથી કંઇ જ શીખવાનું નથી મળતું. જુન 2020માં 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાને જણાવ્યું કે ભારત પાસે પરંપરાગત રમતોનો ભવ્ય વારસો છે. જેમ કે તમે 'પચીસી' નામની રમતનું નામ સાંભળ્યું હશે. આ રમતને તામિલનાડુમાં 'પલ્લાન્ગુલ્લી', કર્ણાટકમાં 'અલી ગુલી મણે' અને આંધ્રપ્રદેશમાં 'વામન ગૂંટલુ' તરીકે ઓળખવામાં આવે છે. એમ કહેવાય છે કે રમત દક્ષિણ ભારતમાંથી દક્ષિણપૂર્વ એશિયામાં ફેલાઈ અને પછી વિશ્વના બાકીના ભાગોમાં.. આજે દરેક ભારતીય બાળક સાપસીડીની ગેમ વિષે જાણે છે. પણ શું તમને ખબર છે આ પણ ભારતની પારંપરિક રમત છે, જેને 'મોક્ષ પાટમ' અથવા 'પરમપદમ' કહેવામાં આવે છે. ઘરના નાના-નાની, દાદા-દાદી અને વડીલોને મારો આગ્રહ છે કે તેઓ નવી પેઢીને આ રમતથી માહિતગાર નહીં કરે તો કોણ કરશે? હવે જ્યારે ઓનલાઇન શિક્ષણનો જમાનો છે ત્યારે સંતુલન સાધવા માટે અને બાળકોને ઓનલાઇન ગેમિંગથી દૂર રાખવા આપણે આવી રમતો શીખવાડવી જ પડશે. અહીં આપણા સ્ટાર્ટઅપ માટે અને યુવા પેઢી માટે પણ અનોખી અને ભરપૂર તકો છે.

સરકારના પ્રયાસોને કારણે વર્ષો જૂની પરંપરાને નવી ટેકનોલોજી સાથે જોડવામાં આવી રહી છે અને બાળકોનું ધ્યાન ખેંચવા માટે નવું રૂપ આપવામાં આવી રહ્યું છે. ગુજરાત અને રાજસ્થાનના પપેટ શો (કઠપૂતળીના ખેલ) ધાર્મિક

## પશ્ચિમ બંગાળના ક્રિશ્નાનગરની માટીની ઢીંગલીઓ



પશ્ચિમ બંગાળના નાડિયા જિલ્લાનું ક્રિશ્નાનગર તેના હસ્તનિર્મિત માટીના રમકડાં માટે જાણીતું છે. સુંદર અને જીવંત લાગતી આ ઢીંગલીઓ તેમની આકર્ષક ડિઝાઇન અને આકાર માટે પ્રસિધ્ધ છે. આ રમકડાં અહીંની 'ઘુરની' નદીના કિનારે મળતી ખાસ પ્રકારની માટીમાંથી બનાવવામાં આવે છે. વિશ્વભરના રમકડાં સંગ્રહાલયોમાં તમને ક્રિશ્નાનગરનાં માટીમાંથી બનેલા રમકડાં અચૂક જોવા મળશે.

## વારાણસીના લાકડાંના રમકડાં



ઉત્તરપ્રદેશનું વારાણસી તેનાં લાકડાંના રમકડાં માટે જાણીતું છે. લાકડાંના કુદરતી રેષામાંથી ડિઝાઇન બનાવવામાં આવે છે. આ રમકડાં સાંધા વિનાના હોય છે અને બાળકો માટે આકર્ષક અને સલામત હોય છે. 'જીઆઇ' ટેગ મળ્યા પછી અહીંનો રમકડાં ઉદ્યોગ ઘણો વધ્યો છે. એક સમયે વારાણસી ભારતનું સૌથી મોટું રમકડાં ઉત્પાદન કેન્દ્ર હતું.

કથાઓ કહી રહી છે, જ્યારે બાળકોને ભારતીય સંસ્કૃતિથી માહિતગાર કરવા એનિમેશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### સલામતી અને આત્મનિર્ભરતા માટેની પહેલ

ભારતે ભારતીય મૂલ્યને પ્રોત્સાહિત કરે તેવાં રમકડાં જ બનાવવા જોઇએ. આવાં રમકડાંનું ઉત્પાદન કરવાથી રોજગારીનું સર્જન થશે અને સાથે સાથે સંસ્કૃતિનું પણ રક્ષણ થશે. બાળકના કૌશલ્ય વિકાસમાં રમકડાંની મહત્વની ભૂમિકા છે. સારા રમકડાં બાળકને કુશળ બનાવે છે.

કોરોના વાયરસ મહામારીને કારણે બાળકોને ઘરમાં પુરાઇ રહેવું પડ્યું હતું, ત્યારે રમકડાંનું મહત્વ ઘણું વધી જાય છે. બાળકોને નવા રમકડાં કઇ રીતે ઉપલબ્ધ કરવા અને ભારત કઈ રીતે રમકડાં ઉત્પાદનનું હબ બની શકે તે મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, શિક્ષણ અને એમએસએમઇ મંત્રાલય સાથે ચર્ચા કરી હતી. ભારતની વૈવિધ્યતાને પ્રોત્સાહન આપવા માટે દેશનાં કેટલાંક વિસ્તારોને ટોય ક્લસ્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. ભારતમાં બાળકોની વિશાળ વસતિ, સમૃધ્ધ રમકડાં સંસ્કૃતિ છે અને વૈવિધ્યસભર રમકડાં છે. આ તમામ પરિબળો ભારતની તરફેણમાં હોવાથી વૈશ્વિક રમકડાં બજારમાં ભારતના નજીવા હિસ્સા અંગે કોઇ દલીલ કરી શકાય તેમ નથી. 'વોકલ ફોર લોકલ'ની ફિલોસોફી સાથે વડાપ્રધાને આત્મનિર્ભર રમકડાં ઉદ્યોગ માટે આહવાન કર્યું. આ દિશામાં પ્રથમ પગલું લેવાયું નીતિ સુધારણાનું.

100 વર્ષ પહેલાં અસહકારની ચળવળનો પ્રારંભ કરતી વખતે મહાત્મા ગાંધીએ જણાવ્યું હતું કે, દેશવાસીઓ પોતાનું સ્વમાન અને પોતાની તાકાત સમજે તે માટેનો આ પ્રયાસ છે. હવે રમકડાં ઉદ્યોગનો તેની તાકાત સમજવાનો અને આત્મનિર્ભર બનવાનો વારો છે.

## ચન્નપટનાઃ કર્ણાટકની 300 વર્ષ જૂની રમકડાં પરંપરા



કર્ણાટકના ચન્નપટનામાં બનતા રમકડાં એ જ નામે ઓળખાય છે અને 300 વર્ષ જૂની તેની પરંપરા છે. આ પ્રદેશમાં રમકડાં ઉત્પાદનનાં મૂળ ટીપુ સુલ્તાનના શાસનમાં છે. અહીં બનતા રમકડાં વિશ્વભરમાં પ્રસિધ્ધ છે અને બાળકોને ખૂબ ગમે છે.

## થાંજાવુરઃ નાચતી ઢીંગલીઓ



ટેરાકોટ્ટા મટિરિયલમાંથી બનેલી આ પરંપરાગત ભારતીય ઢીંગલીનો ઉલ્લેખ તામિલ સાહિત્યમાં પણ જોવા મળે છે. તેના મૂળ તામિલનાડુના થાંજાવુરમાં છે. આ ગોળમટોળ ઢીંગલીનું માથું શરીર કરતાં મોટું હોય છે. તમે તેને અડો એટલે તેનું માથું હલવા માંડે અને એવુ લાગે કે તે નાચી રહી છે. એટલે તેને થાંજાવુરની 'ડાન્સિંગ ડોલ' પણ કહેવામાં આવે છે. આ રમકડાંને 'જીઆઇ' ટેગ મળ્યો છે. ભારત ઉપરાંત વિદેશોમાં પણ તેની ખૂબ માંગ છે.

કોરોના વાયરસ મહામારી દરમિયાન, અનાવશ્યક ચીજોની આયાત પર પ્રતિબંધ હતો ત્યારે રાંચીના મનોજ કુમારે ભારતીય રમકડાંનાં પ્રસાર માટે બીડું ઝડપ્યું. તેમણે સોફ્ટ ટોય્ઝ બનાવવાનું શરૂ કર્યું અને કેટલાંક લોકોનો રોજગારી આપી. તેમણે જણાવ્યું કે આયાત પર પ્રતિબંધ હોવાથી રમકડાં ઉદ્યોગ પર ફોકસ કરવાનો આ યોગ્ય સમય હતો. તેઓ કહે છે, "મેં સોફ્ટ ટોય્ઝ બનાવવાનું શરૂ કર્યું અને એ માટે કેટલાંક કારીગરોની ભરતી કરી. આજનો યુવાન નોકરીઓ આપવામાં માને છે. અને 'વોકલ ફોર લોકલ'ના સૂત્રએ આ વિચારને વેગ આપ્યો છે. આ સેક્ટરમાં યુવાનોના આવવાથી તમામ માટે રોજગારીની અનેક તકો સર્જાશે." ટોય ફેર અને ટોયકાથોનનું એ પરિણામ આવ્યું કે સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સમાં ઘણું બધું ઉપલબ્ધ હોવા છતાં ભારતીય કમ્પ્યુટર ગેમ લોકપ્રિય થઈ રહી છે. સ્ટાર્ટ-અપ્સથી માંડીને ઉદ્યોગો, વિદ્યાર્થીઓથી માંડીને શિક્ષકો અને ડિઝાઇનર્સ રમકડાં ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવામાં પ્રદાન આપી રહ્યા છે. એમએસએમઇ ઉત્પાદકોનું પ્રભુત્વ ધરાવતો રમકડાં

**ગેમિંગ, એનિમેશનમાં સેન્ટર ઓફ એક્સલન્સ બનાવવા માટે માહિતી અને પ્રસારણ (I&B) મંત્રાલય આઇઆઇટી, બોમ્બે સાથે જોડાણ કરી રહ્યું છે**

ઉદ્યોગ બિનસંગઠીત અને શ્રમકેન્દ્રી છે. સરકાર પરંપરાગત રમકડાં ઉત્પાદકો માટે સાતત્યપૂર્ણ બજારનું જોડાણ પુરું પાડીને આ સેક્ટરન પ્રોત્સાહન પુરું પાડવા માગે છે 'ટીમ અપ ફોર ટોય્ઝ' અને 'લેટ અસ મેક ટોય્ઝ ટુગેધર' જેવા સરકારના પ્રયાસો રમકડાં ઉદ્યોગને નવી ઓળખ અને ઊંચાઈ અપાવવામાં મદદ કરી રહ્યા છે. ભારત તેનાં સ્થાનિક રમકડાં દ્વારા વૈશ્વિક રમકડાં બજારમાં છવાઈ જવા સજ્જ છે. ન્યૂ ઇન્ડિયા નવા વિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. ■

# મજબૂત સમવાયતંત્ર દ્વારા વિકાસની નવી તકો

ભારતે વૈશ્વિક મહામારી કોવિડ-19 સામેની લડાઈ સફળતાપૂર્વક લડીને પુનઃ વિકાસનો માર્ગ અખત્યાર કરી લીધો છે, જે દેશના મજબૂત સમવાયતંત્રની સાબિતી આપે છે. ભારતની સફળતાની ગાથા આગળ ધપાવતા નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની છઠ્ઠી બેઠક 20 ફેબ્રુઆરીનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળી હતી. આ બેઠકમાં નીચલા સ્તર સુધી સેવાઓ પૂરી પાડવાની સાથે સાથે કૃષિ, ઉત્પાદન, માનવ સંસાધન વિકાસ, આરોગ્ય અને પોષણ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વડાપ્રધાને ભારતના વિકાસની દિશા અંગે વાત કરી હતી, જેમાં તેમણે જન ધન ખાતાઓ, રસીકરણ, ઉજ્જવલા સ્કીમ, શૌચાલય અને પાકા મકાનોના નિર્માણ દ્વારા ગરીબોનું સશક્તિકરણ થયું હોવાની વાત કરી હતી. જલ જીવન સ્કીમ દ્વારા દરેક ઘરમાં નળ દ્વારા પાણી પહોંચાડ્યું છે. કુપોષણની સ્થિતિ સુધરી છે અને ભારત નેટ સ્કીમ દ્વારા દેશભરમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરવામાં આવી છે.

### ગવર્નિંગ કાઉન્સિલ શું છે?

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ વહીવટી પ્લેટફોર્મ છે, જેમાં આંતર-રાજ્ય, વિભાગીય અને સમવાયી મુદ્દાઓ પર ચર્ચા થાય છે. વડાપ્રધાન, રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નર તેમાં હાજરી આપે છે. છઠ્ઠી બેઠક વિશેષ હતી કારણ કે તેમાં જમ્મુ કાશ્મીર અને લડાખે સૌ પ્રથમ વાર કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ભાગ લીધો હતો. ■



> દેશની પ્રગતિનો આધાર એ છે કે કેન્દ્ર અને રાજ્યો સાથે મળીને કામ કરે અને ચોક્કસ દિશામાં આગળ વધે. આપણે સહકારી સમવાયતંત્રને વધુ અર્થપૂર્ણ બનાવવાનું છે અને સ્પર્ધાત્મક સહકારી સમવાયતંત્રને રાજ્ય અને જિલ્લા સ્તર સુધી લાવવાનું છે. આપણે જોયું છે કે કોરોના સમયગાળામાં રાજ્ય અને કેન્દ્ર સરકારોએ સાથે મળીને કામ કર્યું ત્યારે કઇ રીતે સમગ્ર દેશ સફળ રહ્યો અને વિશ્વમાં ભારતની સકારાત્મક છબી ઊભી થઈ.
>
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દાઃ

- દેશનું ખાનગી ક્ષેત્ર દેશની વિકાસ યાત્રામાં વધુ ઉત્સાહપૂર્વક આગળ આવી રહ્યું છે. સરકાર તરીકે આપણે આ ઉત્સાહનું સન્માન કરવું જોઇએ અને આત્મનિર્ભર ભારત ઝૂંબેશ માટે ખાનગી ક્ષેત્રને તકો આપવી જોઇએ
- ભારત તેની પોતાની જરૂરિયાત માટે જ નહીં, વિશ્વ માટે પણ ઉત્પાદન કરે છે. આ ઉત્પાદન વિશ્વની કસોટીમાં ખરું ઉતરે છે. આત્મનિર્ભર ભારત ઝૂંબેશ ભારતને વિકસિત કરવાનો માર્ગ છે
- નીતિગત માળખું અને કેન્દ્ર-રાજ્યો વચ્ચેનું સંકલન પણ ખૂબ મહત્વનું છે. દરિયાકિનારાના રાજ્યો તેનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. મત્સ્ય ઉદ્યોગ અને 'બ્લુ ઈકોનોમી'ને પ્રોત્સાહન આપવા માટે અમર્યાદિત તકો છે
- સરકારે વિવિધ સેક્ટર્સ માટે પીએલઆઇ સ્કીમ શરૂ કરી છે. ઉત્પાદન વધારવા માટેની આ શ્રેષ્ઠ તક છે

# ભારત વૈશ્વિક ટેલિકોમ-ઇલેક્ટ્રોનિક હબ બનશે

**સરકારે લીધેલાં કેટલાંક નિર્ણયોને પગલે ભારતને આઇટી હાર્ડવેર, ટેલિકોમ અને ફાર્માસ્યુટિકલ્સ માટેનું મેન્યુફેક્ચરિંગ હબ બનવામાં મદદ મળશે. તેનાથી બાળકોનાં હિતો અને અધિકારોનું પણ રક્ષણ થશે**

નિર્ણયઃ આઇટી હાર્ડવેર માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ (PLI) ને મંજૂરી

લાભોઃ

- આ સ્કીમથી લેપટોપ્સ, ટેબ્લેટ્સ, ઓલ-ઇન-વન પીસી અને સર્વર્સ સહિતના આઇટી હાર્ડવેર ઉત્પાદન ક્ષેત્રની પાંચ મોટી વૈશ્વિક કંપનીઓ અને 10 સ્થાનિક અગ્રણી કંપનીઓને લાભ થશે
- ગ્લોબલ વેલ્યુ ચેઇન સાથે ઇન્ટીગ્રેશનને કારણે ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન એન્ડ મેન્યુફેક્ચરિંગ (ESDM) નું ગ્લોબલ હબ બનવા ભારત સજ્જ થશે
- સૂચિત સ્કીમનો કુલ ખર્ચ ચાર વર્ષમાં રૂ. 7350 કરોડ થશે. આ સ્કીમમાં પાત્રતા ધરાવતી કંપનીને ચાર વર્ષ સુધી ભારતમાં ઉત્પાદિત ચીજોના ચોખ્ખા વૃધ્ધિગત વેચાણ પર ચાર ટકાથી એક ટકા સુધીની રાહત

નિર્ણયઃ ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સ માટે પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ સ્કીમ (PLI) ને મંજૂરી

લાભો

- પાંચ વર્ષમાં રૂ. 12,195 કરોડના ભંડોળથી ટેલિકોમ ઉત્પાદનને વેગ મળશે. આનાથી ઉત્પાદનમાં રૂ. બે લાખ કરોડથી વધુનો વધારો થશે.
- વૈશ્વિક કંપનીઓ તરફથી વિશાળ રોકાણ આકર્ષાવાને કારણે ભારત તેની ક્ષમતાનું વિસ્તરણ કરી શકશે
- આ સ્કીમથી આશાસ્પદ સ્થાનિક કંપનીઓને ઊભરતી તકો ઝડપવાનું અને નિકાસ બજારમાં મોટી કંપની બનવા માટે પ્રોત્સાહન મળશે
- આ સ્કીમથી 'મેડ ઇન ઇન્ડિયા' ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સની નિકાસને પ્રોત્સાહન પણ મળશે
- આ સ્કીમથી રૂ. 50,000 કરોડના ટેલિકોમ ઉપકરણોની આયાતને સરભર કરવામાં મદદ મળશે



- પાંચ વર્ષમાં ઉત્પાદનમાં આશરે રૂ. 2.44 લાખ કરોડના વધારાથી અને રૂ. બે લાખ કરોડની નિકાસને કારણે મૂલ્યવર્ધન થવાથી ભારત ઉત્પાદનમાં તેની સ્પર્ધાત્મકતા સુધારી શકશે
- આ સ્કીમથી રૂ. 3,000 કરોડથી વધુનું રોકાણ આવશે અને 40,000 લોકોને સીધી અને આડકતરી રોજગારી મળશે

નિર્ણયઃ ફાર્માસ્યુટિકલ્સ માટે પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટિવ સ્કીમ (PLI) ને મંજૂરી

લાભો

- દેશમાં ઉચ્ચ મૂલ્યની પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે અને નિકાસમાં મૂલ્યવર્ધન કરવા માટેની આ સ્કીમ 2020-21થી 2029-29 સુધીના સમયગાળા માટે છે.
- 2022-23થી 2027-28 સુધીના છ વર્ષમાં રૂ. 2,94,000 કરોડનું કુલ વૃધ્ધિગત વેચાણ અને રૂ. 1,96,000 કરોડની કુલ વૃધ્ધિગત નિકાસ થવાનો અંદાજ છે.
- આ સ્કીમથી ફાર્મા સેક્ટરમાં વૃધ્ધિન પગલે 20,000 સીધી અને 80,000 આડકતરી રોજગારી પેદા થવાની ધારણા છે.

નિર્ણયઃ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015માં સુધારાને મંજૂરી

લાભોઃ

- તેનાથી બાળ સંરક્ષણ માટેનાં પગલાંને મજબૂતી મળશે
- કેસોના ઝડપી નિકાલ માટે અને જવાબદેહિતા વધારવા એડોપ્શન ઓર્ડર્સ જારી કરવા ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ અને એડિશનલ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટને સત્તા મળશે
- આ કાયદા હેઠળ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટને વધુ સત્તા આપવામાં આવી છે, જેથી તેઓ કાયદાનો સરળતાથી અમલ કરાવી શકે અને મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની તરફેણમાં સંયુક્ત પગલાં લઈ શકે



# લોકડાઉનમાં ગરીબોનું સશક્તિકરણ

ત્રણ સપ્તાહ માટે દેશવ્યાપી લોકડાઉન લાદવાની જાહેરાતના 48 કલાકની અંદર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબોના કલ્યાણને પ્રાથમિકતા આપીને વિશ્વનાં સૌથી મોટા ગરીબ કલ્યાણ અભિયાન પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) શરૂ કરી...

લોકડાઉન શરૂ થયું ત્યારે ગરીબો સમક્ષ સૌથી મોટો પ્રશ્ન હતો કે બે ટંકનું ભોજન ક્યાંથી લાવવું. બિહારના સદર ગામના લાલો માંઝી, મનોજ માંઝી અને સુંદર માંઝીની પણ આ જ સમસ્યા હતી. લોકડાઉન પછી તરત જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી. સિકંદરપુર ગામ ખાતે જાહેર શૌચાલયોનું નિર્માણ શરૂ કરી દેવાયું. આ કામમાં લાલો મજૂર હતો, મનોજ કડિયો હતો અને સુંદર પેઇન્ટર હતો. તેઓ આ કામમાં કમાવા માંડ્યા અને પોતાનાં પરિવારનું ભરણપોષણ કરી શક્યા. લાલો કહે છે, અમને ઘરની નજીકમાં જ કામ મળી રહે છે તો પછી આજીવિકાની શોધમાં દૂર શા માટે જવું ? લોકોને સારી એવી સંખ્યામાં નોકરી મળતી હતી, પણ સરકાર તેમને વધુ મદદ કરવા માગતી હતી, તેથી જરૂરિયાતમંદ દરેક પરિવારને મફતમાં અનાજ આપવાનું શરૂ કર્યું. ઝારખંડના ગિરિદિહનો રામશંકર ઠાકુર હોય કે મધ્યપ્રદેશના અનુપપુરની અનિતા હોય. આ બધાં એ 80 કરોડ લોકોમાંનાં છે જેમને લોકડાઉન દરમિયાન અનાજ મળ્યું હતું.

24 માર્ચથી ત્રણ સપ્તાહનાં લોકડાઉનમાં ભારત જાણે કે થંભી ગયું હતું. કોઇ કામ પર જઈ શકતું નહોતું. દૈનિક રોજગારી મેળવનારા, વૃધ્ધો અને અશક્તો માટે તો આ સમય ખૂબ કપરો હોત. પણ 26 માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) હેઠળ રૂ. 2.76 લાખ કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરી. તેની પાછળનો હેતુ ગરીબોનું રક્ષણ કરવાનો અને તેમને કોરોના વાયરસ સામેની લડાઈમાં મદદ કરવાનો હતો.

## PMGKYની સિધ્ધિઓ અને સીમાચિહ્નો:

- રૂ. 2.76 લાખ કરોડની જોગવાઇ
- 80 કરોડ લોકોને અનાજ આપ્યું
- 8 કરોડ પરિવારોને મફતમાં રાંધણ ગેસ
- 42 કરોડથી વધુ ખેડૂતો, મહિલાઓ, વડીલો, ગરીબો અને જરૂરિયાતમંદોના ખાતામાં સીધી રોકડ રકમ

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજમાં માત્ર અનાજ જ નહીં પણ બીજું ઘણું બધું હતું**

**સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં કોવિડ-19ના દર્દીની સારવાર કરી રહેલા 22 લાખથી વધુ આરોગ્ય કર્મચારીઓને રૂ. 50 લાખનું વીમા કવચ**

**પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના:** અનાજ નહીં મેળવી શકતા ગરીબોને રક્ષણ આપવા માટે આ યોજના શરૂ કરવામાં આવી. પ્રારંભમાં સરકારે જુન 2020 સુધી આ યોજના લાગુ કરી હતી, પણ પછી તેને લંબાવીને નવેમ્બર સુધી કરવામાં આવી હતી. આ અંતર્ગત દેશની કુલ વસતિના લગભગ બે તૃતીયાંશ એટલે કે 80 કરોડ લોકોને મફતમાં અનાજ આપવામાં આવ્યું હતું. એપ્રિલથી જુન 2020 દરમિયાન 18.8 કરોડ લાભાર્થીઓને 15.43 લાખ મેટ્રિક ટન દાળ વિતરિત કરવામાં આવી હતી.



આ સ્કીમ હેઠળ સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) શરૂ કરી, જેમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લેવાયેલા તમામ લાભાર્થીઓને પ્રતિ માસ પ્રતિ વ્યક્તિ પાંચ કિલો વધારાનાં અનાજની ફાળવણી કરવામાં આવી. આ વધારાનું અનાજ NFSA જરૂરિયાત ઉપરાંતની હતી. આ યોજના નવેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી હતી, જેમાં રૂ. 75,000 કરોડનાં ખર્ચે 200 લાખ મેટ્રીક ટન અનાજ પુરું પાડવામાં આવ્યું હતું. ■

**ખેડૂતોને લાભ:** પીએમ કિસાન યોજના અંતર્ગત ડિસેમ્બર 2020 સુધીમાં નવ કરોડ ખેડૂતોના ખાતામાં રૂ.2000નાં ત્રણ હપતા જમા કરાવવામાં આવ્યા હતા.

**ગરીબોને મદદ:** પ્રધાનમંત્રી જન-ધન યોજના (PMJDY) ખાતું ધરાવતી 20.60 કરોડથી વધુ મહિલા ખાતાધારકોને ત્રણ માસ સુધી પ્રતિ માસ રૂ. 500 ઉચ્ચક આપવામાં આવ્યા હતા. પ્રથમ હપતા પેટે કુલ રૂ. 10,325 કરોડ, બીજા હપતા પેટે રૂ. 10,315 કરોડ અને ત્રીજા હપતા પેટે રૂ. 10,312 કરોડ જમા કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મુશ્કેલીના સમયમાં આશરે 2.81 કરોડ વૃધ્ધો, વિધવાઓ અને અશક્તોને બે હપતામાં પ્રતિ માસ રૂ. 500 લેખે કુલ રૂ. 2,814.5 કરોડ વિતરિત કરવામાં આવ્યા હતા. બાંધકામ ક્ષેત્રના રૂ. 1.82 કરોડ શ્રમિકોને રૂ. 4,987.18 કરોડની આર્થિક સહાય કરવામાં આવી હતી.

**PM ગરીબ કલ્યાણ યોજના હેઠળ 8.5 કરોડ ગરીબ પરિવારોને મફતમાં ગેસ સિલિન્ડર:** એપ્રિલથી મે 2020 દરમિયાન 8.52 કરોડથી વધુ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) સિલિન્ડર પૂરા પાડવામાં આવ્યા હતા. જુનમાં વધારાના 3.27 કરોડ અને જુલાઇમાં 1.05 કરોડ PMUY મફત સિલિન્ડર આપવામાં આવ્યા હતા.

**સંગઠિત ક્ષેત્રમાં ઓછું કમાતા લોકોને મદદ:** 100થી ઓછા કર્મચારીઓ ધરાવતા એકમોમાં પ્રતિ માસ રૂ. 15,000થી ઓછું કમાતા કર્મચારીઓ રોજગાર ગુમાવવાના આરે હતા. આ પેકેજ અંતર્ગત સરકારે તેમનાં પીએફ ખાતામાં જુન 2020 સુધી તેમના માસિક વેતનના 24 ટકા જમા કરવાની જોગવાઈ કરી. સરકારે 43 લાખ કર્મચારીઓના ખાતામાં કુલ રૂ. 2476 કરોડ જમા કર્યા. માર્ચ 2020માં 34.19 લાખ કર્મચારીઓના ખાતામાં રૂ. 514.6 કરોડ આપવામાં આવ્યા હતા. એપ્રિલમાં 32.87 લાખ કર્મચારીઓને રૂ. 500.8 કરોડ આપવામાં આવ્યા હતા. આ જ રીતે, મેમાં 32.68 લાખ કર્મચારીઓના પીએફ ખાતામાં રૂ. 482.6 કરોડ જમા કરવામાં આવ્યા હતા. જુનમાં 32.21 લાખ કર્મચારીઓના ખાતામાં રૂ. 491.5 કરોડ, જુલાઈમાં 30.01 લાખ કર્મચારીઓના ખાતામાં રૂ. 461.9 કરોડ અને ઓગસ્ટમાં 1.77 લાખ કર્મચારીઓને રૂ. 24.74 કરોડ જમા કરવામાં આવ્યા હતા.

**પીએફમાં જમા બેલેન્સના 75 ટકા રકમ અથવા ત્રણ મહિનાનો પગાર, બેમાંથી જે ઓછું હોય તે રકમ એડવાન્સ તરીકે ઉપાડી શકાય:** ઈપીએફઓના 36.05 લાખ મેમ્બરે ઈપીએફઓમાંથી રૂ. 9543 કરોડનાં નોન-રિફન્ડેબલ એડવાન્સના ઓનલાઇન ઉપાડનો લાભ લીધો છે.





# બજેટ 2021-22:
# રાષ્ટ્રને આગળ ધપાવશે

**કોરોના વાયરસ પછીનાં પ્રથમ બજેટમાં સરકારની પ્રાથમિકતાઓની રૂપરેખા આપવામાં આવી હતી. બજેટને લોકો તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદે દેશનો મૂડ વ્યક્ત કર્યો હતો. હવે, દેશની ટોચની નેતાગીરી બજેટનું અસરકારક અમલીકરણ કરવા સજ્જ છે. ઇરાદો સ્પષ્ટ છે-બજેટ માત્ર ઔપચારિકતા ન રહેવું જોઇએ, પણ છેવાડાના માણસ સુધી તેના લાભ પહોંચવા જોઇએ...**

સંસદીય લોકશાહીના ઇતિહાસમાં કદાચ આ પ્રથમ વાર બન્યું હશે, કે જ્યારે દેશની ટોચની નેતાગીરી બજેટને માત્ર ઔપચારિકતા ગણવાને બદલે તેનાં અસરકારક અમલને પ્રાથમિકતા આપતી હોય. બજેટ અને સરકારનું વિઝન નીચલા સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દરેક સેક્ટર સાથે મંત્રણા કરી રહ્યા છે. આ પહેલ માટેનું એક કારણ સરકારની ગંભીરતા સમજાવવાનું અને દરેક સેક્ટર દેશના વિકાસમાં તેની ભૂમિકા ભજવે તે સુનિશ્ચિત કરવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટના અસરકારક અમલીકરણ મુદ્દે શ્રેણીબધ્ધ વેબિનાર સંબોધ્યા હતા. એક બાજુ, તેમણે ડિસઇન્વેસ્ટમેન્ટ અને એસેટ મોનેટાઇઝેશનના મહત્વ પર ભાર મૂક્યો હતો, જ્યારે બીજી બાજુ, આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સંરક્ષણ સેક્ટરમાં બજેટના અસરકારક અમલીકરણ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને બિન-વ્યૂહાત્મક પીએસયુના ખાનગીકરણની હિમાયત કરી હતી અને જણાવ્યું હતું કે, બિઝનેસ કરવો સરકારનું કામ નથી. તેમણે જણાવ્યું કે, સરકાર 'મોનેટાઇઝિંગ અને મોડર્નાઇઝિંગ' દ્વારા સમગ્ર અર્થતંત્રની કાર્યક્ષમતા સુધારવા પર કામ કરી રહી છે.

ખોટ કરતા જાહેર સાહસો અંગે તેમણે જણાવ્યું કે, આમાંના અનેક સાહસોને કરદાતાના નાણાંમાંથી ટેકો આપવામાં આવે છે અને તેને કારણે અર્થતંત્ર પર મોટો બોજ પડે છે. તેમણે સમજાવ્યું કે સરકાર કોઇ ચોક્કસ સાહસનો હિસ્સો વેચીને પૈસા મેળવે છે ત્યારે તે એકમનું સ્થાન ખાનગી ક્ષેત્ર લે છે. સરકારે ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓને મજબૂત કરવા રોડમેપ તૈયાર કર્યો છે.

## સરકાર કઈ રીતે ભંડોળ ઊભું કરી રહી છે



'મિનિમમ ગવર્મેન્ટ એન્ડ મેક્સિમમ' ગવર્નન્સનો વિચાર આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સરકારના અંકુશ હેઠળ અનેક એવી અસ્કયામતો છે જેનો ઓછો ઉપયોગ થયો છે અથવા તો ઉપયોગ જ નથી થયો. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે નેશનલ એસેટ મોનેટાઇઝેશન પાઇપલાઇનની જાહેરાત કરી હતી. આ અંતર્ગત, ઓઇલ, ગેસ, પોર્ટસ, એરપોર્ટસ અને પાવર સેક્ટરમાં આશરે 100 એસેટ વેચીને ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્ય છે. આને કારણે રૂ. 2.5 લાખ કરોડની આવક થવાની સંભાવના છે.

### ફાઈનાન્સિયલ સર્વિસિસ સેક્ટરમાં બજેટના અસરકારક અમલીકરણ અંગે વડાપ્રધાનનું ભાષણ

- થાપણદાર અને રોકાણકારને વિશ્વાસ અને પારદર્શિતાનો અનુભવ થવો જોઇએ
- ફાઇનાન્સિયલ સેક્ટર અંગે સરકારનું વિઝન તદ્દન સ્પષ્ટ છે. બજેટ આ વિઝનને આગળ લઈ જાય છે
- સામાન્ય પરિવારની કમાણીની સલામતી, સરકારી લાભોને વચેટિયા વગર અસરકારક રીતે ગરીબો સુધી પહોંચાડવા અને વિકાસ માટે માળખાકીય ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન અમારી પ્રાથમિકતાઓ છે
- આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન ખેડૂતો, એમએસએમઇ અને સ્ટાર્ટઅપ્સ દ્વારા સાકાર થશે

### વડાપ્રધાને કૃષિ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી પર ભાર મૂક્યો.

- 21મી સદીના ભારતમાં કૃષિ ઉત્પાદન વધારવાની સાથે સાથે પાકની લણણી બાદ ફુડ પ્રોસેસિંગ ક્રાંતિની જરૂર છે
- આપણે દેશના કૃષિ ક્ષેત્રનું વિસ્તરણ કરીને પ્રોસેસ્ડ ફુડને વૈશ્વિક બજાર સુધી લઈ જવું જોઇએ
- સરકારે પશુસંવર્ધન, ડેરી અને મત્સ્યપાલનને પ્રાથમિકતા આપીને કૃષિ ધિરાણના લક્ષ્યાંકને વધારીને રૂ. 16.50 લાખ કરોડ કર્યો છે.

### ભારતીય આરોગ્ય ક્ષેત્રએ દુનિયાનો વિશ્વાસ હાંસલ કર્યો



**કોરોના વાયરસ મહામારી દરમિયાન ભારતે તેનો અનુભવ અને ક્ષમતા પ્રદર્શિત કરી હતી, ત્યારે વિશ્વએ દેશના મજબૂત આરોગ્ય ક્ષેત્રની નોંધ લીધી. ભારતની પ્રતિષ્ઠા અને તેમાં વિશ્વાસ એક નવા વૈશ્વિક સ્તરે પહોંચી ગયા છે. માત્ર ભારતીય ડોક્ટરો જ નહીં, ભારતીય દવાઓ અને રસીઓએ પણ નવો વિશ્વાસ હાંસલ કર્યો છે.**

### આરોગ્ય ક્ષેત્રમાં બજેટના અસરકારક અમલીકરણ અંગે વડાપ્રધાનનું ભાષણ

- 2021-22નાં બજેટમાં આરોગ્ય ક્ષેત્રને ફાળવણી અભૂતપુર્વ છે અને તે દરેક નાગરિકને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.
- આપણે મેડિકલ ઉપકરણોથી માંડીને દવાઓ, વેન્ટિલેટરથી માંડીને રસી, વૈજ્ઞાનિક સંશોધનથી માંડીને સર્વેલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડોક્ટરથી માંડીને એપિડેમિઓલોજિસ્ટ (મહામારીવિદ) એમ તમામ પર ફોકસ કરવાનું છે
- પબ્લિક હેલ્થ લેબોરેટરીઝનું નેટવર્ક બનાવવા માટે ખાનગી ક્ષેત્ર પીપીપી મોડલને મદદ કરી શકે છે. ખાનગી ક્ષેત્ર પીએમ-જય, નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અને નાગરિકોના ડિજિટલ હેલ્થ રેકોર્ડસમાં ભાગીદારી કરી શકે છે.

**અમે ભારતને તંદુરસ્ત રાખવા માટે ચાર પાંખીયા વ્યૂહ પર કામ કરી રહ્યા છીએ.** બિમારી અટકાવવી અને સુખાકારીને પ્રોત્સાહન આપવું, ગરીબમાં ગરીબને સસ્તી અને અસરકારક સારવાર પૂરી પાડવી, હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેલ્થકેર પ્રોફેશનલ્સની માત્રા અને ગુણવત્તા સુધારવી, સમસ્યાઓનું સમયસર નિવારણ કરવા મિશન મોડમાં કામ કરવું

### સંરક્ષણ ઉત્પાદનમાં વૃધ્ધિ



શસ્ત્રો અને લશ્કરી ઉત્પાદનમાં ભારત સદીઓનો અનુભવ ધરાવે છે. હવે, ભારત તેની ક્ષમતા વધારવામાં વ્યસ્ત છે. ભારતે સંરક્ષણ અંગેની 100 મહત્વની ચીજોની યાદી તૈયાર કરી છે, જેને 'નેગેટિવ લિસ્ટ' કહેવામાં આવે છે. આ ચીજોને સ્થાનિક ઉદ્યોગોની મદદથી ઉત્પાદિત કરી શકાય છે. વડાપ્રધાને જણાવ્યું કે, એક સમય હતો જ્યારે ભારતના લડાકુ વિમાન તેજસ ફાઇલોમાં સિમિત થઈ ગયા હતા. પણ સરકારે તેજસનું ઉત્પાદન કરવા તેના એન્જિનિયર્સ અને વૈજ્ઞાનિકો પર આધાર રાખ્યો અને હવે તેજસ શાનથી આકાશમાં ઉડી રહ્યા છે. થોડાં સમય પહેલાં ભારતને તેજસ માટે રૂ. 48,000 કરોડનો ઓર્ડર મળ્યો હતો.

### સંરક્ષણ ક્ષેત્રમાં બજેટના અસરકારક અમલીકરણ અંગે વડાપ્રધાનનું ભાષણ

- 2014થી પારદર્શિતા, પૂર્વાનુમાન અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ દ્વારા અમે સંરક્ષણ ક્ષેત્રમાં સતત આગળ વધી રહ્યા છે
- લાઇસન્સ પ્રથા રદ, નિયમનોમાંથી મુક્તિ, નિકાસને પ્રોત્સાહન, વિદેશી રોકાણમાં ઉદારીકરણ જેવાં પગલાં લીધાં છે
- આપણે સંરક્ષણ ક્ષેત્રમા આત્મનિર્ભરતાને સૈનિકો અને યુવાનોના સશક્તિકરણ તરીકે જોવા જોઇએ
- હું ખાનગી ક્ષેત્રને વિનંતી કરું છું કે તેઓ ઉત્પાદનની સાથે સાથે ડિઝાઇનિંગ અને ડેવલપિંગમાં પણ આગળ આવે
- એમએસએમઇ સમગ્ર ઉત્પાદન ક્ષેત્ર માટે પીઠબળ તરીકે કામ કરે છે. આજે થઈ રહેલા સુધારાઓ એમએસએમઇને વધુ સ્વતંત્રતા આપી રહ્યા છે અને વિસ્તરણ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે ■

વડાપ્રધાનનું ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



# પર્યાવરણના રક્ષણ માટે ભારત પ્રતિબધ્ધ

પૃથ્વી પર આબોહવા પરિવર્તનની સાથે સાથે સમગ્ર વિશ્વમાં તાપમાન વધી રહ્યું છે અને દુકાળ, પૂર, દાવાનળ, વરસાદ અને બરફવર્ષાની પેટર્નમાં ફેરફાર જોવા મળી રહ્યો છે, ત્યારે પેરિસ સંધિ પ્રમાણે ગ્લોબલ વોર્મિંગને બે ડીગ્રી સુધી વધતું રોકવામાં પોતાની ભૂમિકા ભજવનાર ભારત એક માત્ર દેશ છે. આપણે 21 માર્ચે આંતરરાષ્ટ્રીય વન દિવસ અને 22 માર્ચે આંતરરાષ્ટ્રીય જળ દિવસ મનાવવા જઈ રહ્યા છે ત્યારે પર્યાવરણના જતન માટે સરકારના પ્રયાસમાં આપણે કઈ રીતે યોગદાન આપી શકીએ તેનાં પર વિચારવું જોઇએ.

'પ્રકૃતિમાં પરમાત્મા'ના સિધ્ધાંત પર ચાલતા ભારતમાં આદિકાળથી જંગલ અને જીવનને એક સાથે એક દ્રષ્ટિથી જોવામાં આવે છે. આખી દુનિયામાં માત્ર ભારત એવો દેશ છે જ્યાં નદીઓને પૂજવામાં આવે છે. સમ્રાટ અશોકથી માંડીને મહાત્મા ગાંધી સુધી-ભારતીય વિચારધારાએ હંમેશા જળ સંચય અને પર્યાવરણ જતનને ઉચ્ચ પ્રાથમિકતા આપી છે. 23 ફેબ્રુઆરીએ સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં આબોહવા પરિવર્તન પર આયોજિત ખુલ્લી ચર્ચામાં કેન્દ્રીય પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રી પ્રકાશ જાવડેકરે પોતાના સંબોધનની શરૂઆત શુક્લ યજુર્વેદના એક વૈદિક શ્લોક સાથે કરી ત્યારે પર્યાવરણ સંરક્ષણ માટે આપણી પ્રતિબધ્ધતાને સમગ્ર વિશ્વએ ધ્યાનથી સાંભળી. તેમણે જણાવ્યું,

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः,
पृथ्वी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः।
वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः,
सर्वँ शान्तिः, शान्तिरेव शान्तिः, सा मा शान्तिरेधि॥

આનો અર્થ એવો થાય કે, અંતરિક્ષ, આકાશ અને પૃથ્વીમાં શાંતિ ફેલાવા દો. સમગ્ર વિશ્વ, જળ, છોડ, વૃક્ષ અને વનસ્પતિમાં શાંતિ ફેલાવા દો. સમગ્ર બ્રહ્માંડમાં શાંતિ ફેલાવા દો. આદિકાળથી અનંત સુધી શાંતિ ફેલાય. બસ, માત્ર શાંતિ અને શાંતિ જ રહે. આપણને બધાંને આવી શાંતિ મળે!

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના અહેવાલ પ્રમાણે હવા પ્રદૂષણથી દર વર્ષે આશરે 38 લાખ લોકોનાં મોત થાય છે. અન્ય અહેવાલો અને સર્વે પણ કહે છે કે વિશ્વમાં જંગલનું પ્રમાણ ઘટી રહ્યું છે, જળ સ્રોત સૂકાઇ રહ્યા છે, નદીઓ તેમનાં પ્રવાહ બદલી

# ભારત પર્યાવરણ રક્ષણના માર્ગે

**પેરિસ સંધિના પાંચ વર્ષ પૂરા થયા તે નિમિત્તે જાહેર થયેલા અહેવાલ પ્રમાણે ગ્લોબલ ક્લાઈમેટ ચેન્જ પર્ફોમન્સ ઈન્ડેક્સ 2021માં ટોપ ટેન દેશોમાં ભારતને સ્થાન મળ્યું હતું. ભારતે તેમાં 10મું સ્થાન મેળવ્યું હતું, જ્યારે 2014માં તે 31મા ક્રમે હતું. વર્ષોની કડક મહેનત અને યોગ્ય આયોજનની મદદથી આ હાંસલ કરી શકાયું હતું, જેને કારણે છેલ્લાં ચાર વર્ષમાં જંગલ વિસ્તારમાં 13,000 કિલોમીટર સુધીનો ઉમેરો કરી શકાયો હતો.**



દર બે વર્ષે પ્રસિધ્ધ કરવામાં આવતા ઈન્ડિયન ફોરેસ્ટ સર્વે રિપોર્ટ, 2019 પ્રમાણે, ભારતમાં જંગલ અને વૃક્ષો ધરાવતો વિસ્તાર **8,07,276** ચોરસ કિલોમીટર છે. જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના 24.56 ટકા છે

- દેશમાં 2017ની સરખામણીમાં જંગલ અને વૃક્ષોના વિસ્તારમાં 5188 ચોરસ કિમી (0.65 ટકા)નો વધારો થયો છે
- દેશમાં કુલ વન વિસ્તાર 7,12,249 ચોરસ કિમી છે, જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના 21.67 ટકા છે
- વન વિસ્તારમાં સૌથી મોટી વૃધ્ધિ કર્ણાટકમાં 1025 ચોરસ કિમી થઈ હતી. એ પછી આંધ્રપ્રદેશ (990 કિમી),, કેરળ (823 કિમી,, જમ્મુ અને કાશ્મીર (371 કિમી) અને હિમાચલ પ્રદેશ (334 કિમી) નો ક્રમ આવે છે.
- ઇંધણ તરીકે પરંપરાગત રીતે વપરાતા લાકડાને બદલે ઘરોમાં એલપીજીના ઉપયોગ માટે ઉજ્જવલા સ્કીમ શરૂ કરવામાં આવી હતી. આ સ્કીમ હેઠળ અત્યાર સુધી આઠ કરોડ જોડાણો આપવામાં આવ્યા છે.
- સ્વચ્છ પર્યાવરણ માટે 2019માં પ્રથમ વાર ભારતમાં નેશનલ ક્લીન એર પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ હવામાં જોવા મળતા નુકસાનકારક પાર્ટિકલ્સ PM 2.5 અને PM 10નાં પ્રમાણમાં 2024 સુધીમાં 30 ટકા સુધી ઘટાડો કરવાનો હતો
- હવા પ્રદૂષણ ઘટાડવા માટે BS-4 પછી સીધો BS-6 સ્ટાન્ડર્ડનો અમલ કરવામાં આવ્યો છે. ઇલેક્ટ્રિક વ્હિકલને પ્રોત્સાહન આપવા માટે નવી પોલિસી ઘડવામાં આવી રહી છે
- ઉજાલા, સ્વચ્છ ભારત અને નમામિ ગંગે જેવી યોજનાઓ જળ અને પર્યાવરણના રક્ષણ માટે મહત્વની સાબિત થઈ રહી છે. નમામિ ગંગે સ્કીમ હેઠળ આશરે 305 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. ગંગા નદીમાં ગટરનું પાણી ઠાલવવા પર પ્રતિબંધ મૂકાયો
- જંગલોના વાતાવરણને બચાવવા માટે વન્યજીવન સંરક્ષણની વિશેષ યોજનાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું. સમુદ્ર વાતાવરણ અને દરિયાઇ સૃષ્ટિને બચાવવા માટે ટોર્ટોઇઝ પોલિસી અને પ્રોજેક્ટ ડોલ્ફિન શરૂ કરવામાં આવ્યા હતા
- જંગલ બચાવવા અક્ષય ઊર્જાના ક્ષેત્રમાં વિશ્વમાં સૌથી અસરકારક પગલાં ભારતે ભર્યા છે. 'ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ'ની સ્થાપના કરવામાં આવી. 2022 સુધીમાં 175 ગિગાવોટ અક્ષય ઊર્જાનો લક્ષ્યાંક નિર્ધારિત સમયની પહેલાં હાંસલ કરવામાં આવશે
- દેશની 31 નદીઓને જોડવા માટે વિગતવાર એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે
- જળ અને પર્યાવરણ સંચય માટે છેલ્લાં છ વર્ષમાં લેવામાં આવેલા આ તમામ પગલાં સરકારની પ્રતિબધ્ધતાનું પ્રમાણ છે. આ મુદ્દે સરકાર કેટલી ચિંતિત છે તે એ હકીકત પરથી સમજી શકાય કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તામિલનાડુના મમલ્લાપુરમમાં બીચ ખાતે કચરો વીણીને દેશવાસીઓને પ્રકૃતિનું રક્ષણ કરવાનો સંદેશો આપ્યો હતો. પર્યાવરણના રક્ષણ માટે પ્રદાન કરવાની જવાબદારી દરેક દેશવાસીની છે.

રહી છે અને તેને લીધે પૂર અને કુદરતી આપત્તિઓ સર્જાઇ રહી છે. આ કટોકટીનો ઉકેલ શોધવા 2015માં પેરિસમાં 196 દેશો ભેગાં થયા હતા. આબોહવા પરિવર્તનને ડામવા માટે વિકિસત અને વિકાસશીલ દેશો માટે કેટલાંક લક્ષ્ય નક્કી કરવામાં આવ્યા હતા. સાથે મળીને આ વૈશ્વિક સમસ્યાનું નિરાકરણ લાવવાનો હેતુ હતો. પાંચ વર્ષ પછી અહેવાલ આવ્યો ત્યારે આ લક્ષ્યાંક હાંસલ કરનાર એક માત્ર દેશ ભારત હતો. સરકાર પર્યાવરણના રક્ષણ માટે કેટલાંક પગલાં લઈ રહી હોવાથી સામાન્ય જનતાએ પણ તેમની ભૂમિકા ભજવવી જોઇએ. ■

# શાળાઓ ફરી ખુલીઃ જુના દિવસો પાછા આવ્યા

કોરોના વાયરસ મહામારીએ 21મી સદીના વિદ્યાર્થીઓને નવો અને અનોખો અનુભવ આપ્યો છે, જેને તેઓ આજીવન ભુલી શકશે નહીં. 11 મહિના સુધી ઘરમાં પુરાઇ રહ્યા અને એ દરમિયાન ઓનલાઇન અભ્યાસ કર્યો. અંતે કોવિડ પ્રોટોકોલના પાલન સાથે શાળાઓ પુનઃ ખુલી ગઈ છે. જીવન ફરી પાટા પર આવી રહ્યું છે. હવે વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે મિત્રો સાથે રમીને આનંદ પણ માણી શકશે...




દેહરાદૂનની રેસિડેન્શિયલ સ્કુલ 'ઇન્ડિયન પબ્લિક સ્કુલ'માં ભણતી જ્યોતિ કોરોનાના સમયમાં લોકડાઉન બાદ બિહારમાં પટના સ્થિત તેનાં ઘરે આવી ગઈ હતી. મહિનાઓ સુધી ઘરમાં રહ્યા બાદ ફેબ્રુઆરી મહિનામાં તેણે શાળામાં જવાનું શરૂ કર્યું. શાળાએ પહોંચીને ખુશ થયેલી જ્યોતિએ કહ્યું, "આટલાં બધાં મહિના ઘરમાં રહ્યા બાદ મને સમજાયું કે શાળા અને મિત્રો મારા જીવનનો મહત્વનો હિસ્સો છે. કોરોના વાયરસના સમય દરમિયાન ઘણાં અવરોધો નડ્યાં અને ઓનલાઇન અભ્યાસ કરવો પડતો હતો. હવે, લાગે છે કે જૂના દિવસો પાછા આવી ગયા છે."

શાળાઓ ફરી ખુલી, પણ વિદ્યાર્થીઓ સલામત રહે તે માટે પૂરતી કાળજી લેવામાં આવી હતી. જ્યોતિ અને અન્ય વિદ્યાર્થીઓ ફેબ્રુઆરીમાં શાળાએ ગયા ત્યારે તેમની પાસેથી કોવિડ-19 નેગેટિવ રિપોર્ટ માંગવામાં આવ્યો હતો. નેગેટિવ રિપોર્ટ હોવા છતાં શાળાએ તેમનો કોવિડ ટેસ્ટ લીધો હતો, જેથી બીજી વાર ખાતરી કરી શકાય. વિદ્યાર્થીઓને એક સપ્તાહ માટે ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા હતા અને તેમને તેમનાં રૂમમાં તમામ સુવિધાઓ આપવામાં આવી હતી. પ્રારંભમાં વિદ્યાર્થીઓ માટે આ બધું નવું હતું, પણ ધીમે ધીમે તેઓ કોવિડ પ્રોટોકોલથી ટેવાઇ ગયાં. નાગાલેન્ડના વજીરદીપમની પણ આવી જ કહાની છે. તે કહે છે, 11 મહિના સુધી ઘરમાં રહ્યા બાદ બહાર નીકળવાનો અનુભવ સારો રહ્યો. હિમાચલ પ્રદેશના શાર્દુલે જણાવ્યું કે કલાકો સુધી કમ્પ્યુટર સામે ભણવાનો કંટાળો આવતો હતો. હવે શાળામાં ફુટબોલ રમીને તેને ખુશી મળે છે.

આ કહાની માત્ર બોર્ડિંગ સ્કુલના વિદ્યાર્થીઓની જ નથી. બીજા વિદ્યાર્થીઓ પણ ખુશ છે. ગાઝીયાબાદનો આયુષ કેડિયા કહે છે તે ફરી શાળાએ જઇને ખુશ છે. બાલ ભારતી પબ્લિક સ્કુલ, બ્રિજ વિહારમાં 11મા ધોરણમાં ભણતો આયુષ કહે છે, "11 મહિના પછી શાળા ચાલુ થવાથી હું ખુશ છું. ઓનલાઇન

# કોવિડ-19માં વિદ્યાર્થીઓ માટે નવા નિયમો





- શિક્ષણ મંત્રાલયે દેશની તમામ 42 લાખ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને હેડમાસ્ટર્સ માટે 'નિષ્ઠા' નામના ઓનલાઇન કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામનો અમલ કર્યો હતો.
- લોકડાઉન શરૂ થયા પછી પોતાના શિક્ષકોને ઓનલાઇન તાલીમ આપવા માટે સીબીએસઇ, કેન્દ્રીય વિદ્યાલય (KVs) અને જવાહર નવોદય વિદ્યાલય (JNVs) એ વ્યાપક કાર્યક્રમ શરૂ કર્યો હતો. જ્યાં પણ શક્ય હોય ત્યાં ઓનલાઇન માધ્યમથી શિક્ષણ ચાલુ રહે તે માટે આવું કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં સીબીએસઇએ દેશભરમાં 4.8 લાખ શિક્ષકોને, કેવીએ 15,855 અને જેએનવીએ 9085 શિક્ષકોને તાલીમ આપી હતી.
- સીબીએસઇએ વિદ્યાર્થીઓની શારીરિક તંદુરસ્તી માટે શારિરીક પ્રવૃત્તિઓની વિવિધ ઓનલાઇન લાઇવ સેશન માટે ફિટ ઇન્ડિયા મુવમેન્ટ સાથે ભાગીદારી કરી હતી
- સીબીએસઇએ વર્તમાન શૈક્ષણિક સત્રથી ધોરણ નવમાં સેકન્ડરી લેવલમાં ફિઝિકલ એક્ટિવિટી નામનો નવો વિષય દાખલ કર્યો છે. વિદ્યાર્થીઓમાં શારીરિક ચુસ્તીનું મહત્વ સમજાવવા કેન્દ્રીય વિદ્યાલયોમાં ફિટનેસ ટ્રેઈનિંગ અને યોગ પર ઓનલાઇન સેશન્સ યોજવામાં આવ્યા હતા.
- મંત્રાલયે 'મનોદર્પણ' નામની પહેલ શરૂ કરી છે, જેમાં કોવિડ-19 મહામારી દરમિયાન અને પછી પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારોને માનસિક તંદુરસ્તી અને ભાવનાત્મક બાબતો અંગે મનોવૈજ્ઞાનિક સહાય પૂરી પાડવા વિવિધ પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવે છે.
- ઈલેક્ટ્રોનિક સાધનો અને પૂરતા નેટવર્કના અભાવે ડિજિટલ ડિવાઇડ અંગેના પ્રશ્નોના સમાધાન માટે મંત્રાલયે પીએમ- e વિદ્યા હેઠળ મોડલ શરૂ કર્યું હતું
- DIKSHA પર ઉપલબ્ધ કન્ટેન્ટ હવે સ્વયં પ્રભા ટીવી ચેનલ પર પણ ઉપલબ્ધ છે. આ જ રીતે, તે રેડિયો પર પણ ઉપલબ્ધ બનશે
- ઉચ્ચ ગુણવત્તાસભર કાર્યક્રમોના પ્રસારણ માટે કુલ 34 ચેનલો ફાળવવામાં આવી છે
- પીએમ- e વિદ્યા હેઠળ શિક્ષણ આપવા માટે બહુવિધ મોડલ અપનાવવામાં આવ્યા છે, જેમાં DIKSHA, સ્વયં પ્રભા, કમ્યુનિટી રેડિયો, શિક્ષા વાણીનો સમાવેશ થાય છે.
- CIET-NCERT દ્વારા હિન્દી, અંગ્રેજી, ઉર્દુ અને સંસ્કૃતમાં આશરે 2,000 ઓડિયો-રેડિયો પ્રોગ્રામ્સનું નિર્માણ કરવામાં આવે છે

ક્લાસ દરમિયાન ઘણી બાબતો સમજાતી નહોતી. હવે હું મારા મિત્રો અને શિક્ષકોને મળી શકું છું. માત્ર અભ્યાસ જ નહીં, અન્ય પ્રવૃત્તિઓમાં પણ શાળા મદદરૂપ છે. મને આ બધાંની ખોટ સાલતી હતી" કોરોના વાયરસ મહામારીથી બાળકો પર વધુ અસર પડી હતી. સરકારની મંજૂરી મળતાં હવે કોવિડ પ્રોટોકોલનાં પાલન સાથે શાળાઓ ખુલી ગઈ છે. સ્થિતિ સામાન્ય થવાની સાથે સાથે બાળકોમાં નવી ઊર્જા અને આનંદનો સંચાર થઈ રહ્યો છે, જેઓ આટલા લાંબા સમય સુધી ઘરમાં પૂરાઈ રહ્યા હતા. 11 મહિના સુધી શાળાઓ બંધ રહી હોવા છતાં શિક્ષણ અને અભ્યાસ કાર્ય પર કોઈ અસર પડી નહોતી. વિદ્યાર્થીના ભણતર પર અસર ન પડે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. ડિજિટલ માધ્યમથી વર્ગો ચાલુ રાખવામાં આવ્યા હતા. ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે ઇ-લર્નિંગ સરળ બનાવવા સરકારે પીએમ- e વિદ્યા પ્રોગ્રામ શરૂ કર્યો હતો. ડિજિટલ કનેક્શન ન ધરાવતા વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ડીટીએચ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું. ■

# રોગો સામેની લડાઈ 'મિશન ઇન્દ્રધનુષ'થી રસીકરણ વધ્યું

દર વર્ષે 16 માર્ચે ભારત રાષ્ટ્રીય રસીકરણ દિવસ તરીકે મનાવે છે. આ દિવસે દેશમાં પોલિયોની પ્રથમ મૌખિક રસી આપવામાં આવી હતી. લોકોને જીવલેણ બિમારીઓથી બચાવવાના હેતુથી ભારત કેટલાંક રસીકરણ કાર્યક્રમો ચલાવી રહ્યું છે. દેશમાં ચાલી રહેલા રસીકરણ કાર્યક્રમો પર એક નજર...



ભારત જેવા વિકાસશીલ દેશોમાં બાળકોને જીવલેણ બીમારીઓથી બચાવવા માટે રસીકરણ જ એક માત્ર અસરકારક ઉપાય છે. જો કે, અજ્ઞાનતા, પૂરતી જાણકારીનો અભાવ, રૂઢિચુસ્ત અભિગમ અને ભૌગોલિક સમસ્યાને કારણે સમાજનો મોટો હિસ્સો પોતાના બાળકોને રસી મૂકાવતા ખચકાય છે. આ સમસ્યા દૂર કરવા સરકારે વધારાના પ્રયાસ કર્યા અને આ વિચારમાંથી જ 'મિશન ઈન્દ્રધનુષ'નો પ્રારંભ થયો. આસામના ઢુબરીમાં ઈંટોની ભઠ્ઠીમાં કામ કરનાર નયન તેના બાળકોને રસી મૂકાવવા નહતો જતો, કારણ કે તેને એ દિવસની મજૂરી ગુમાવવાનો ભય હતો. વારંવાર કહેવા છતાં માબાપ તેમનાં બાળકોને રસીકરણ કેન્દ્ર સુધી લાવવા તૈયાર નહોતા. તેથી, આરોગ્ય અધિકારીઓએ તેમનાં ઘેર જઈને બાળકોને રસી આપવાનું નક્કી કર્યું. આશરે 30 બાળકોને રસી આપવામાં આવી. આસામના ચિરાંગ, મોરીગાંવ અને લખીમપુરની પણ આજ જ સ્થિતી હતી. પણ મિશન ઈન્દ્રધનુષ દ્વારા સ્થિતિમાં સુધારો થયો. લખીમપુરમાં વિશેષ ઝૂંબેશને કારણે 99 ટકા રસીકરણ હાંસલ કરવામાં સફળતા મળી છે.

લોકોના ડરને દૂર કરવા અને રસીકરણનાં મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે સરકાર સતત કામ કરી રહી છે. 16 માર્ચે રાષ્ટ્રીય રસીકરણ દિવસ મનાવવા પાછળનો હેતુ પણ આ જ છે. આ તારીખ મહત્વની છે કારણ કે આ દિવસે દેશમાં પોલિયોની પ્રથમ રસી આપવામાં આવી હતી. પોલિયોને નાબૂદ કરવા શરૂ કરવામાં આવેલા પલ્સ પોલિયો કેમ્પેન હેઠળ પાંચ વર્ષથી નીચેની વયના બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.




ત્રણ દાયકા સુધી સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ ચાલવા છતાં 2014 સુધી માત્ર 65 ટકા બાળકોને જ પ્રથમ વર્ષની ઉંમર સુધી સંપૂર્ણ રસી આપવામાં આવી હતી. મતલબ કે 89 લાખ બાળકો રસી લેવાથી વંચિત રહી ગયા હતા. રસી ન લીધી હોય અને આંશિક રસી જ લીધી હોય તેવા બાળકોને બાળપણમાં રોગ થવાની અને વિકલાંગ થવાની સૌથી વધુ સંભાવના હોય છે. રસીકરણનો વ્યાપ વધારવા સરકારે અનેક વ્યૂહ ઘડ્યાં અને મિશન ઇન્દ્રધનુષ એમાંનો એક કાર્યક્રમ હતો.

ડિસેમ્બર 2014માં લોંચ કરવામાં આવેલા આ કાર્યક્રમનો હેતુ ચોક્કસ મહિનાઓ દરમિયાન વિશેષ ઝૂંબેશ દ્વારા રસીકરણનું પ્રમાણ ઝડપથી વધારવાનો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બે વર્ષથી નીચેની વયના બાળકો અને સગર્ભા મહિલાઓને રસી આપવામાં આવે છે. મિશન ઇન્દ્રધનુષના પ્રથમ બે તબક્કાને પગલે રસીકરણ કવરેજમાં 6.7 ટકાનો વધારો થયો. મિશન ઇન્દ્રધનુષ હેઠળ 23 ફેબ્રુઆરી સુધીમાં 3.76 લાખ લોકોને રસી આપવામાં આવી હતી.

## સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ (UIP)

- UIP એ ડિપ્થેરિયા અને બાળપણમાં થતા ગંભીર ટીબી જેવા રોગને ડામવા માટેનો વિસ્તૃત કાર્યક્રમ છે.
- UIPએ નેશનલ રૂરલ હેલ્થ મિશનનો હિસ્સો છે અને ઓછા ખર્ચમાં જન આરોગ્ય સુવિધા પૂરી પાડવાનો મહત્વનો કાર્યક્રમ છે. પાંચ વર્ષની નીચેની ઉંમરના બાળકોનાં મૃત્યુદરમાં ઘટાડો લાવવા માટે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ ઘણાં અંશે અસરકારક સાબિત થયો છે.

દેશમાં રસીકરણનું પ્રમાણ વધારવાના ઇરાદાથી UIP હેઠળ વર્ષે **2.67 કરોડ** નવજાત શિશુ અને **2.9 કરોડ** સગર્ભાઓને રસી આપવામાં આવે છે

- રસીથી અટકાવી શકાય તેવા રોગો સામેની રસી રાષ્ટ્રીય સ્તરે મફતમાં આપવામાં આવે છે
- **રાષ્ટ્રીય સ્તર પર આ બિમારીઓ સામે રસી આપવામાં આવે છેઃ** ડિપ્થેરિયા, સતત ખાંસી આવવી. ધનૂર, પોલિયો, ઓરી, અછબડાં, બાળપણમાં થતાં કેટલીક જાતના ટીબી, હિપેટાઇટિસ બી, મેનેન્જાઇટિસ, હેમોફિલિયસથી ઇન્ફ્લુએન્ઝા ટાઇપ બીથી થતો ન્યૂમોનિયા.

## UIP હેઠળ શરૂ કરવામાં આવેલી નવી રસીઓ

ન્યૂમોકોકલ ન્યૂમોનિયાને કારણે થતાં બાળમૃત્યુદર અને રોગને ઘટાડવા માટે 2017માં ન્યૂમોકોકલ કોન્જ્યુગેટ વેક્સિન (PCV) શરૂ કરવામાં આવી હતી. 2021-22ના બજેટ પ્રમાણે આ 'મેડ ઇન ઇન્ડિયા' પ્રોડક્ટ હાલમા પાંચ રાજ્યો પૂરતી જ મર્યાદિત છે અને વર્ષે



**50,000**થી વધુ બાળકોનાં મૃત્યુને અટકાવવા માટે દેશભરમાં શરૂ કરવામાં આવશે


- tOPV (ટ્રાયવલન્ટ પોલિયો વેક્સિન)માંથી bOPV (બાયવલન્ટ પોલિયો વેક્સિન) તરફ જવા સાથે સંકળાયેલા જોખમને હળવું કરવા સમગ્ર વિશ્વમાંથી પોલિયો નાબૂદ કરવાના ભાગ રૂપે નવેમ્બર 2015માં UIPમાં ઇનએક્ટિવેટેડ પોલિયો વેક્સિન (IPV) શરૂ કરવામાં આવ્યું હતું.
- રોટાવાયરસ ડાયેરિયાને કારણે થતા મૃત્યુ અને રોગ ઘટાડવા માટે માર્ચ 2016માં રોટાવાયરસ વેક્સિન (RVV) શરૂ કરવામાં આવી હતી
- ઓરીને નાબૂદ કરવા અને અછબડાં પર અંકુશ લાવવા 2017માં મીઝલ્સ રુબેલા (MR) રસી દાખલ કરવામાં આવી હતી
- વૃદ્ધોમાં ડિપ્થેરિયા સામે રોગપ્રતિકારક શક્તિને ઘટતી અટકાવવા UIP અંતર્ગત TT રસીનું સ્થાન ટિટનસ એન્ડ એડલ્ટ ડિપ્થેરિયા (Td) રસીએ લીધું છે ■

> **"દરેક ભારતીયને જાણીને ગર્વ થશે કે વિશ્વના 60 ટકા બાળકોને આપવામાં આવતી જીવનરક્ષક રસીઓ ભારતમાં જ બનાવવામાં આવે છે**
>
> **- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# કોવિડ રસીઃ હવે જનતાનો વારો

**કોરોના વાયરસ સામેની લડાઈમાં ભારતની ભૂમિકા સૌથી મહત્વની રહી છે એમ વિશ્વ આરોગ્ય સંગઠને જણાવ્યું છે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઇન વર્કર્સને રસી આપ્યા બાદ 1 માર્ચથી સામાન્ય જનતાને રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસી મૂકાવીને દેશની જનતાને પણ રસી લેવાનો સંદેશ આપ્યો હતો...**

## વિશ્વાસની રસી



ભારતમાં બે રસી મૂકવામાં આવે છે. સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિન. રસીઓ અંગે લોકોનાં મનમાં શંકાઓ હતી. જો કે, વડાપ્રધાને પોતે રસી મૂકાવી અને લોકોમાં રસી મૂકાવા અંગેનો ખચકાટ દૂર કરવા ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું. તેમણએ 1 માર્ચની સવારે નવી દિલ્હીની એઈમ્સની મુલાકાત લીધી હતી. પુડુચેરીનાં સિસ્ટર પી નિવેદિતાએ વડાપ્રધાનને રસીનો ડોઝ આપ્યો હતો. આ પ્રસંગે તેમણે પરંપરાગત આસામીઝ 'ગમછો' પહેર્યો હતો.

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ સામેની ભારતની લડાઈની પ્રશંસા કરી રહ્યું છે. આ લડાઈ હવે નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. 16 જાન્યુઆરીથી શરૂ થયેલી પ્રથમ રસીકરણ ઝુંબેશમાં 1.43 કરોડ ફ્રન્ટલાઇન વર્કર્સને રસી આપવામાં આવી હતી. 1 માર્ચથી શરૂ થયેલા બીજા તબક્કામાં 60 વર્ષથી ઉપરની વયના અને કોમોર્બિડીટી ધરાવતા 45થી 59 વર્ષની વયના લોકોને રસી મૂકવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસી મૂકાવીને બીજા તબક્કાના રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. દેશભરની 12,000થી વધુ સરકારી હોસ્પિટલોમાં મફતમાં રસી મૂકવાનું કામ ચાલુ છે. આટલી જ સંખ્યામાં ખાનગી હોસ્પિટલોમાં પણ રૂ. 250માં ચોવીસે કલાક રસી મૂકવાની સત્તા આપવામાં આવી છે. દરમિયાન, અરૂણાચલ પ્રદેશ કોરોના વાયરસમુક્ત બની ગયું છે. 28 ફેબ્રુઆરી સુધી રાજ્યમાં 16,836 કેસો નોંધાયા હતા. 1 માર્ચ સુધીમાં તમામ કેસો રિકવર થઈ ગયા હતા. કોરોનાને કારણે રાજ્યમાં 56 લોકોનાં મૃત્યુ થયાં હતાં.

## કોવિડ-19 હજુ ગયો નથી, બેદરકારી ન રાખો

**1,80,05,503** કુલ રસી અપાઈ

**21,99,40,742** કુલ પરિક્ષણ થયાં

**1,76,319** કુલ સક્રિય કેસો

**1,08,39,894** કુલ રિકવર કેસો

**97.01%** રિકવરી રેટ

**મૃત્યુદર : 1.41%**

તમામ આંકડા 4 માર્ચ સુધીના

## વેક્સિન મૈત્રી

ભારતે 48 દેશોમાં કોરોના રસીના 4.61 કરોડથી વધુ ડોઝ આપ્યા છે. WHO ના જણાવ્યા પ્રમાણે અન્ય દેશોએ ભારત પાસેથી શીખવું જોઇએ

- 'વેક્સિન મૈત્રી' હેઠળ 3 માર્ચ સુધી 48 દેશોને 4,61,66,000 રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે. આમાંથી, 71.25 લાખ ડોઝ ભેટ તરીકે આપવામાં આવ્યા હતા.
- વિશ્વ આરોગ્ય સંસ્થાના વડા અધાનોમ ઘેબ્રેસસે વિશ્વભરના દેશોને કોવિડ-19ની રસી પૂરી પાડવા બદલ ભારતની પ્રશંસા કરી છે અને આશા વ્યક્ત કરી છે કે અન્ય દેશો પણ તેનું અનુસરણ કરશે.

"એઈમ્સ ખાતે કોવિડ-19 રસીનો પ્રથમ ડોઝ લીધો. કોવિડ-19 સામેની લડાઈને મજબૂત બનાવવા માટે આપણા ડોકટરો અને વિજ્ઞાનીઓએ ઝડપથી કામ કર્યું એ નોંધપાત્ર બાબત છે. જેમને જરૂર છે તેઓ આ રસી મૂકાવે એવી મારી બધાંને વિનંતી છે. ચાલો આપણે સાથે મળીને કોવિડ-19 મુક્ત બનીએ."

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# વડાપ્રધાને 'સેલ્ફ થ્રી' નો મંત્ર આપ્યો

# સેલ્ફ-અવેરનેસ, સેલ્ફ-કોન્ફિડન્સ અને સેલ્ફલેસનેસ






વિશ્વભારતી યુનિવર્સિટી અને આઈઆઈટી ખડગપુર ખાતે પદવીદાન સમારંભને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ અને નિઃસ્વાર્થ ભાવે આગળ વધવા અને 'નેશન ફર્સ્ટ'ના વિચાર સાથે પોતાનાં સામર્થ્યને ઓળખવા આહવાન કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ખચકાયા વગર કોઈ પણ નિર્ણય લેવા જણાવ્યું અને કહ્યું કે, "'નેશન ફર્સ્ટ'ના વિચાર સાથે લેવાયેલો કોઈ પણ નિર્ણય તમને કોઈ ઉકેલ તરફ લઈ જશે." નવી શિક્ષણ નીતિને તેમણે આત્મનિર્ભર ભારતની દિશામાં મહત્વનું સીમાચિહ્ન ગણાવ્યું હતું. પદવીદાન સમારોહમાં વિશ્વભારતીના 2535 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. ■

## વિશ્વભારતી પદવીદાન સમારોહમાં વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દા

| | |
|---|---|
| બંગાળ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' માટે પ્રેરણા છે. 2047માં ભારતની આઝાદીના 100 વર્ષ પૂરા થશે ત્યારે વિશ્વભારતીના સૌથી મોટા 25 લક્ષ્ય કયા હશે? તેના પર વિઝન ડોક્યુમેન્ટ બનાવવો જોઇએ | આ વર્ષે બજેટમાં રૂ. 50,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા પાંચ વર્ષમાં રિસર્ચ પર ખર્ચાશે |

- 21મી સદીમાં ભારત નોલેજ ઈકોનોમી બનવાની દિશામાં આગળ ધપી રહ્યું છે. વિશ્વના દરેક ખૂણે ભારતનું જ્ઞાન અને ઓળખનો ફેલાવો કરવામાં વિશ્વભારતી મોટી ભૂમિકા ભજવી શકે તેમ છે
- સૌ પ્રથમ વાર નવી શિક્ષણ નીતિમાં 'જેન્ડર ઈન્ક્લુઝન ફન્ડ'ની જોગવાઈ કરવામાં આવી છે
- વિદ્યાર્થીઓએ ગ્રામીણ જનતા, કારીગરો અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા જોઈએ, તેમની પ્રોડક્ટ્સને મોટાં બજારોમાં લઈ જવા માટે શૃંખલા બનાવવી જોઈએ.

## આઈઆઈટી ખડગપુરમાં વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દા

| | |
|---|---|
| સરકારે નકશા અને જીયોસ્પેશિયલ ડેટા પરનો અંકુશ હટાવી દીધો છે. આને કારણે દેશના યુવા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સને નવી સ્વતંત્રતા મળશે | આ વર્ષે ભારત આઝાદીનું 75મું વર્ષ મનાવશે. હું આઇઆઇટી ખડગપુર દ્વારા કરવામાં આવેલા 75 મોટાં ઇનોવેશન્સ અને સોલ્યુશન્સનું સંકલન કરીને તેનું પ્રદર્શન કરવા વિનંતી કરું છું |

- તમારે ગ્રેજ્યુએશન પછી નવું જીવન શરૂ કરવાનું છે, પણ તમારે પોતે જ એક સ્ટાર્ટઅપ બનવાનું છે, જે દેશમાં કરોડો લોકોનાં જીવનમાં પરિવર્તન લાવશે
- એન્જિનિયર તરીકે તમારામાં વસ્તુઓને 'પેટર્નથી પેટન્ટ' સુધી લઈ જવાની ક્ષમતા છે
- આઈઆઈટી ખડગપુર આઈટી, આધુનિક કન્સ્ટ્રક્શન ટેકનોલોજી અને કોવિડ-19માં પ્રશંસનીય કામ કરી રહી છે
- પીએમ રિસર્ચ ફેલોઝ સ્કીમે રિસર્ચને નવો અર્થ આપ્યો છે

આઈઆઈટી ખડગપુરમાં વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો

# તાણ દુર કરતાં રમકડાં

રમકડાંને કારણે બાળકોના કુમળા માનસ પર સકારાત્મક અસર પડે છે અને તેમની વૃધ્ધિ થાય છે. રમતમગત અને રમકડાં ભારતીય સંસ્કૃતિના મહત્વનાં અંગ રહ્યાં છે. રમકડાં બાળકને તાણમુક્ત પણ કરે છે. રમકડાં ઉત્પાદનમાં વિદ્યાર્થીઓને પણ સાંકળવામાં આવી રહ્યા છે. સરકાર આ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા પર ફોકસ કરી રહી છે

## કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ અનોખાં રમકડાં બનાવ્યા



હરેક વિદ્યાર્થી તેની રીતે અનોખો હોય છે. કેન્દ્રીય વિદ્યાલય, ઓલ્ડ જેએનયુ કેમ્પસ, નવી દિલ્હીના વિદ્યાર્થીઓને ભારતના પ્રથમ ટોય ફેરમાં પોતાની પ્રતિભા બતાવવાની તક મળી. ફેરમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રકારની કઠપૂતળીઓ દ્વારા વિવિધ વિષયો સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આમાંના એક વિદ્યાર્થીએ જણાવ્યું કે, "આ કઠપૂતળીઓ દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી વિષય શીખી શક્યા હતા. આ પ્રકારના ટોય ગેમ્સ દ્વારા ભણવાથી વિદ્યાર્થીઓ ભારતનો વારસો, કળા અને સંસ્કૃતિને સારી રીતે જાણી શકશે. આ પ્રક્રિયા મનોરંજનની સાથે સાથે જ્ઞાન પણ આપે છે." કેટલાંક અન્ય વિદ્યાર્થીઓએ રિમોટ કન્ટ્રોલ્ડ રમકડાં બનાવ્યા હતા. તેઓ કહે છે, "આ ફોર-વ્હિલ્ડ રિમોટ ઓપરેટેડ ટોય્ઝ બનાવવામાં ભૌતિકશાસ્ત્રના સિધ્ધાંત લાગુ પડે છે." વિદ્યાર્થીઓનાં આ કૌશલ્ય અને ધગશથી ઉત્સાહિત પ્રિન્સિપાલ સુદીપ બાજપેયીએ જણાવ્યું કે, આ રીતે ભણાવવામાં આવે તો બાળકો માટે શાળાઓ કંટાળાજનક નહીં, પણ મજા કરાવનારી જગ્યા બની જશે. માત્ર બાળકો ખુશ છે એવું નથી, શાળાનું સમગ્ર વાતાવરણ પણ આનંદમય બની ગયું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું આ પ્રથમ પ્રકરણ છે. હું માનું છું કે વિદ્યાર્થીઓ હવે ઝડપથી અને અનોખી રીતે ભણશે." ટોય ફેરે નવી આશા અને નવા શિક્ષણને જન્મ આપ્યો છે.

## કોરોના વાયરસ અંગે જાગૃતિ ફેલાવવા સાપસીડીની અનોખી રમત





કંઈક નવું કરનારાઓ સામાન્ય વસ્તુને અનોખી રીતે બનાવે છે. ઇન્દોરના સમીર કુમારે કોરોના વાયરસથી બચવાના વિવિધ ઉપાય અંગે જાગૃતિ ફેલાવવા અનોખી ગેમ વિકસાવી છે. પોતાની સર્જનાત્મકતા દ્વારા તેમણે સાપસીડીની રમતને રસપ્રદ બનાવી છે. સાપસીડીના આ અનોખા વર્ઝનમાં ખેલાડીએ સાપની જગ્યાએ કોરોના વાયરસથી બચવાનું હોય છે. તેમાં લોકોએ ખુદને કોરોના વાયરસથી બચવા માટે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તેની માહિતી જણાવવામાં આવી છે. આ ગેમ બનાવવાથી સમીરને ભારતના પ્રથમ ટોય ફેરમાં પ્રવેશ મળ્યો હતો. તેમની આ ગેમ દિવસેને દિવસે લોકપ્રિય બની રહી છે. સમીર કહે છે, "આ ગેમ કોરોના વાયરસથી બચવા માટે ફેસ માસ્ક, સેનિટાઇઝર અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા નિયમોનું પાલન કરવા જણાવે છે. મેં લોકોમાં જાગૃતિ ફેલાવવા આ ગેમ બનાવી છે." સમીરે ટચલેસ ફ્રેશનર અને ન્યૂમેટિક ટ્રેઇનિંગ કિટ પણ બનાવી છે, જે એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે લાભકર્તા છે. ■

RNI No. :
DELGUJ/2020/78810
March: 16-31, 2021

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date March 5, 2021, Pages - 44)






"દરેક બાળક સાપસીડીની રમત અંગે જાણે છે. પણ શું તમને ખબર છે આ પણ એક પરંપરાગત ભારતીય રમતનું સ્વરૂપ છે, જેને 'મોક્ષ પાટમ' અથવા 'પરમપદમ' કહેવાય છે."

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor:** Jaideep Bhatnagar, Principal Director General, PIB, New Delhi

**Published & Printed by: Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Viba Press Pvt Ltd. C66/3, Okhla , Ind Area Phase-II, New Delhi 20